માસિક
Shree Swaminarayan (Gujarati Monthly)

શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે
સળંગ અંક ૨૨૫
એપ્રિલ ૨૦૨૬

Volume No. 19
Issue No.225
April 2026



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-















શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર



વર્ષ - ૧૯ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૨૨૫ ● એપ્રિલ-૨૦૨૬

અ નુ ક્ર મ ણિ કા

૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. ''અવસર'' અહેવાલ ૦૬

૦૪. શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી આશીર્વચન ૩૦

૦૫. ભક્તિસુધા ૪૦

૦૬. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૪૧

સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૩,૨૭૪૯૯૫૯૩
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

અસ્મદીયમ્

શ્રીજી મહારાજે આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને વચન આપ્યું છે જે, અમે કાયમ અહર્નિશ તમારી સાથે છીએ અને સદાય સાથે જ રહીશું. જે વચન આપણે આપણા મોટા મોટા મહોત્સવો પર્વ, ઉત્સવ, સમૈયો, અવસર આદિમાં પ્રત્યક્ષતાનો અનુભવ કર્યો છે. શ્રી નરનારાયણદેવ દેશમાં ઉત્સવોની પરંપરા સતત ચાલું છે. એક પછી એક ઉત્સવો કેટલા દિવ્ય અને ભવ્યતાથી ઉજવાય છે. જેમાં, ધર્મકૂળ, સંતો અને હરિભક્તોની એકતાના દર્શન થાય છે. જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૨૦૦ વર્ષનો ભગવાન મળ્યાનો અવસર આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અદ્‌ભુત નેતૃત્વ - અધ્યક્ષતામાં લાખો દેશ-વિદેશના સંત-હરિભક્તોએ માણ્યો. આગામી ૨૦૨૭ માં જાન્યુ. ૬ થી ૧૦ દરમ્યાન ધોળકા શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજનો ૨૦૦ વર્ષનો ''ત્યોહાર'' ની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

આપણે સૌને અતિ ગૌરવ અને આનંદ થાય કે આપણા ભાવિ આચાર્ય મહારાજશ્રી સમગ્ર સત્સંગના વિકાસ-ઉન્નતિ પ્રવૃતિ માટે સતત કાર્યશીલ છે. આજનો શિક્ષિત યુવા વર્ગ તેમની રાહબરી હેઠળ આગામી ઉત્સવોમાં નવી ટેકનોલોજી સાથે તેમના સુંદર વિચારો, વિનય-વિનમ્રતા, સભ્યતા, સાલસપણું, વૃધ્ધો, વડીલો, આમંત્રિત મહેમાનો તેમની સાથે સભ્યતાપૂર્ણ વ્યવહારની ઉપર સતત તકેદારી રાખી રહ્યા છે. આપણે સૌએ તેઓશ્રીએ જેતલપુરમાં અવસર પ્રસંગે આપેલા સૂચનનો હૃદયથી દિલથી પાલન કરીશું તો ચોક્કસ આપણે આપણા કુટુંબ પરિવારમાં પણ અનેક વણઉકેલ્યા પ્રશ્નોનું પણ નિરાકરણ લાવીશું. તેમાં શંકાને સ્થાન નથી. શ્રીનરનારાયણદેવ જયંતી ફુલદોલ ઉત્સવ, ૨૪૫ મો શ્રીહરિ પ્રાકટ્યોત્સવ, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ૧૫ મો સ્થાપના દિન આદિ પરંપરાગત ઉત્સવો ભવ્યતાથી ઉજવાયા. આગામી અધિક જેઠ માસમાં આખો મહિનો વર્ષ દરમ્યાન આવતા ઉત્સવો ઉજવવા માટે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ખાસ સૂચન કર્યું છે. આ અંક જેતલપુરધામ ભગવાન મળ્યાનો ૨૦૦ વર્ષનો અવસરનો વિશેષાંક રૂપે પ્રકાશિત કરવામાં આવ્યો છે. જેઓ **''અવસર''** ના પ્રત્યક્ષ દર્શન નથી કરી શક્યા તેમના માટે આ અંક ખાસ મહત્વનો છે.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની तवारीज (માર્ચ-૨૦૨૬)

૧ શ્રી સ્વામિનારાયણ મંદિર દિયોદર (બનાસકાંઠા) દશાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.
૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૫ થી ૧૧ જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ભગવાન મળ્યાનો ૨૦૦ વર્ષનો અવસર પોતાના શુભ સાંનિધ્યમાં ભવ્યતાથી ઉજવાયો.
૧૬ બાલવા ગામે માતાજીની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.
૨૦ ધોળકા ધામે "ત્યોહાર" મહામહોત્સવ પ્રસંગની જગ્યા જોવા પધાર્યા.
૨૭ શ્રી રામનવમી શ્રીહરિ પ્રાકટ્યોત્સવદિન પ્રસંગે અક્ષરભુવન બાલ સ્વરૂપશ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ મહાભિષેક પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયો.
૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૩૦-૩૧ કેરા-કચ્છ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ
(માર્ચ-૨૦૨૬)

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમ સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૪ શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો. કાલુપુર મંદિર.
૫ થી ૧૧ જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૨૦૦ વર્ષનો ભગવાન મળ્યાનો અવસર પોતાની અધ્યક્ષતામાં ભવ્યતાથી ઉજવાયો.
૨૦ ધોળકાધામ ત્યોહારની જગ્યા જોવા પધાર્યા.
૨૭ શ્રી રામનવમી શ્રી હરિ પ્રાગટ્યોત્સવ દિન બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના પ્રાગટ્યોત્સવની આરતી રાત્રે ૧૦-૧૦ ઘડી ઉતારવા પધાર્યા. કાલુપુર મંદિર.
૨૯ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૧૫ મા સ્થાપના દિન પ્રસંગે પધરામણી., શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.



ભગવાન મળ્યાનો
અવસર
જેતલપુર

જેતલપુરધામનો મહિમા

જેતલપુર ગામ ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકામાં આવેલું છે. આ ગામ અમદાવાદથી દક્ષિણ દિશામાં અંદાજે ૧૬ કિલોમીટર દૂર રાષ્ટ્રીય રાજમાર્ગ નંબર ૪૮ **(NH-48)** પર રસ્તાની ડાબી બાજું આવેલું છે. અહીં ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રસિદ્ધ મંદિર આવેલું હોવાથી આ સ્થળ 'જેતલપુરધામ' તરીકે વિખ્યાત બન્યું છે. આ ધામનો વિશેષ મહિમા નીચે મુજબ છે:

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત મંદિર

● ભગવાન શ્રી સ્વામિનારાયણે કુલ ૯ મંદિરો બનાવડાવ્યા હતા, જેમાં જેતલપુર પાંચમા ક્રમે આવે છે.

● સદ્‌ગુરૂ આનંદાનંદ સ્વામી દ્વારા દ્વિમંજીલ શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

● સંવત ૧૮૮૨, ફાગણ વદ-૮ના દિવસે શ્રી રેવતીજી બળદેવજી મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા ભગવાને સ્વયં કરી હતી.

● શ્રી રેવતી બળદેવજી મહારાજના દર્શનથી ભક્તોની મનોકામનાઓ પૂર્ણ થાય છે.

● પૂર્ણિમા અને ઉત્સવોના દિવસે વિશાળ સંખ્યામાં ભક્તો પદયાત્રા કરતા દર્શન માટે આવે છે.

જેતલપુર ધામ ખાતે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દ્વિશતાબ્દી મહોત્સવ "ભગવાન મળ્યાનો અવસર"

જેતલપુરધામ ખાતે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત,શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ ધર્મકુળ વંશી પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી, પરમ પૂજ્ય મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને "ભગવાન મળ્યાનો અવસર"ની અદ્‌ભુત, અલૌકિક અને અકલ્પનીય ઉજવણી તા. ૫ માર્ચથી ૧૧ માર્ચ ૨૦૨૬ દરમ્યાન જેતલપુર ખાતે અતિ ભવ્ય રીતે યોજાઈ હતી. આ પાવન મહોત્સવે ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક આનંદનો અદ્વિતીય અનુભવ કરાવ્યો, અને લાખો હરિભક્તોને ભગવાનના સાંનિધ્યનો અલૌકિક લાભ પ્રાપ્ત થયો.



ઉત્સવનું વિશેષ આકર્ષણ :

"ન ભૂતો ન ભવિષ્યતિ" — અદ્વિતીય અને ઐતિહાસિક આયોજન જેતલપુર ધામ નજીક આશરે ૩૦૦ એકર જેટલી વિશાળ ભૂમિ પર આ ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાંથી આશરે ૧૫૦ એકર જમીન પર ધાર્મિક, સામાજિક, વૈજ્ઞાનિક તેમજ રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત વિવિધ વિશિષ્ટ પ્રદર્શન અને પ્રકલ્પોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જે ભક્તો માટે જ્ઞાન અને પ્રેરણાનું કેન્દ્ર બન્યું. આ મહોત્સવમાં હજારો હરિભક્તોની સુવિધાને ધ્યાનમાં રાખીને ૧૦૦ એકર કરતાં વધુ વિસ્તાર પાર્કિંગ માટે સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો. તદુપરાંત, ઉતારા અને ભોજન વ્યવસ્થાને અત્યંત સુવ્યવસ્થિત બનાવવા માટે ૫૦ એકરથી વધુ વિસ્તાર ધરાવતું વિશાળ રસોડું અને ભોજન વિભાગ ઉભું કરવામાં આવ્યું હતું, જ્યાં રોજ હજારો ભક્તોને પ્રસાદીનો લાભ મળ્યો. સાથે સાથે, દૂર દૂરથી આવતા હરિભક્તો માટે આરામદાયક અને સુવ્યવસ્થિત ઉતારા (રહેઠાણ) વ્યવસ્થા પણ કરવામાં આવી હતી, જેથી દરેક ભક્ત નિર્વિઘ્ને મહોત્સવનો લાભ લઈ શકે. આ સમગ્ર આયોજન ભવ્યતા, વ્યવસ્થાપન અને આધ્યાત્મિકતાનું અદભુત સંયોજન બની રહ્યું — સાચા અર્થમાં "ન ભૂતો ન ભવિષ્યતિ" ને સાર્થક કરતું.

શ્રી જેતલપુરધામનો આ દ્વિશતાબ્દી "અવસર" મહોત્સવના મુખ્ય આકર્ષણ :

બદ્રીનાથ ધામ પ્રવેશદ્વાર : બદ્રીનાથ ધામ પ્રવેશ દ્વાર — દિવ્ય અનુભૂતિનું પ્રતિક હિંદુ સનાતન સંસ્કૃતિના પવિત્ર ચારધામોમાંનું એક બદ્રીનાથ ધામ ના અલૌકિક સ્વરૂપને પ્રતિબિંબિત કરતું આ ભવ્ય પ્રવેશ દ્વાર મહોત્સવનું મુખ્ય આકર્ષણ બન્યું હતું.

આ દ્વારનું નિર્માણ એટલું આબેહૂબ અને કલાત્મક રીતે કરવામાં આવ્યું હતું કે, તેમાં પ્રવેશતા જ હરિભક્તોને જાણે સાક્ષાત્ બદ્રીનાથ ધામમાં પ્રવેશ કરવાનો અનુભવ થાય અને હૃદયમાં અદ્‌ભુત શાંતિ તથા આધ્યાત્મિક આનંદ થતો.

આ પવિત્ર ધામમાં ભગવાન વિષ્ણુ બદ્રીનારાયણ સ્વરૂપે ધ્યાનમુદ્રામાં બિરાજમાન છે, જે ભક્તોને ધ્યાન, ભક્તિ અને આંતરિક શાંતિનો સંદેશ આપે છે. નર અને નારાયણ ઋષિ સાથે સંકળાયેલ આ ધામનું મહત્ત્વ અતિ પ્રાચીન અને પવિત્ર માનવામાં આવે છે.

સ્વામિનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલ નરનારાયણ દેવની પવિત્ર પરંપરાને ઉજાગર કરવા માટે આ દ્વારનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જે ભક્તોને સંપ્રદાયના મૂળ તત્વો સાથે જોડતું જીવંત પ્રતિક બન્યું હતું.

આ દિવ્ય રચના માત્ર એક પ્રવેશદ્વાર નહોતી, પરંતુ ભક્તોને આધ્યાત્મિક યાત્રાનો જીવંત અનુભવ કરાવતું એક પવિત્ર સેતુ બની — જે સમગ્ર મહોત્સવનું આકર્ષણ કેન્દ્ર બની રહ્યું હતું.

વિજય સ્તંભ : મહોત્સવના આ ભવ્ય અને દિવ્ય આયોજનમાં સનાતન સંસ્કૃતિનું અદ્વિતીય પ્રતિકરૂપ "વિજય સ્તંભ" વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો. હિંદુ પરંપરા અનુસાર કોઈપણ શુભ કાર્યના આરંભે વિજય સ્તંભની સ્થાપના એ ધર્મનો અધર્મ પર, સત્યનો અસત્ય પર અને દિવ્ય શક્તિઓનો અવિજય વિજયનો સંકલ્પ વ્યક્ત કરે છે. આ પવિત્ર પરંપરાનું મૂળ વૈદિક કાળ સુધી પહોંચે છે, જ્યાં યજ્ઞોમાં યુપ સ્તંભ દ્વારા દેવતાઓને આમંત્રિત કરવામાં આવતા હતા.

વિશેષ ગૌરવની વાત એ છે કે સંપ્રદાયના ઈતિહાસમાં પ્રથમવાર આ મહોત્સવમાં તાંબા અને પિત્તળથી નિર્મિત આશરે ૫૧ ફૂટ ઊંચો ભવ્ય વિજય સ્તંભ સ્થાપિત કરવામાં આવ્યો હતો, જે માત્ર એક રચના નહોતો પરંતુ સમગ્ર મહોત્સવની દિવ્યતા, શૌર્ય અને આધ્યાત્મિક ઉર્જાનું જીવંત પ્રતિક બની રહ્યો હતો. આ પવિત્ર વિજય સ્તંભની સ્થાપના પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પરમ પૂજ્ય ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પવિત્ર હસ્તકમળ દ્વારા કરવામાં આવી હતી, જે સમગ્ર પ્રસંગને અદ્વિતીય પવિત્રતા અને મહિમાથી ભરી દેતો ક્ષણ બની રહ્યો.

આ વિજય સ્તંભ માત્ર એક દૃશ્ય આકર્ષણ નહોતો, પરંતુ દરેક હરિભક્તના હૃદયમાં ધર્મ, ભક્તિ અને વિજયના સંકલ્પને પ્રજ્વલિત કરતો દિવ્ય પ્રેરણાસ્તંભ બની રહ્યો. જેને નિહાળતાં જ મન ગદ્‌ગદિત થઈ જાય અને આત્મા ભક્તિભાવથી પરિપૂર્ણ



થઈ ઊઠે.

ગૌશાળા : સનાતન હિંદુ સંસ્કૃતિમાં પ્રાચીન સમયથી લઈને અર્વાચીન કાળ સુધી "ગૌ માતા" ને માત્ર એક પ્રાણી નહીં, પરંતુ આધ્યાત્મિકતા, પવિત્રતા અને સમૃદ્ધિનું જીવંત પ્રતિક માનવામાં આવ્યું છે. શાસ્ત્રોમાં ગૌ માતાને સર્વ દેવતાઓનું નિવાસસ્થાન માનવામાં આવે છે, અને માનવજીવનના ઔષધ, આહાર અને સંસ્કાર સાથે તેનો અવિભાજ્ય સંબંધ રહ્યો છે.

આ દિવ્ય પરંપરાની જીવંત ઝાંખી કરાવતું ગૌશાળાનું



આયોજન જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવમાં એક યાદગાર અને હૃદયસ્પર્શી ક્ષણ બની રહ્યું હતું. આ ગૌશાળામાં મુખ્ય આયોજન સ્વરૂપે નિત્ય ગૌપૂજન, નવસ્પર્શ, ગૌ સંસ્કાર જેવા કાર્યક્રમો ભક્તોને ગૌસેવા અને સંસ્કૃતિ સાથે જોડતા હતા. ખાસ કરીને, આશરે ૨૫ ગીર ગાયોનું પાવન સંવર્ધન અહીં કરવામાં આવ્યું હતું, જે ભક્તોમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું હતું.

નવ ધામ દર્શન : પરમ કૃપાળુ પરમાત્મા, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાન દ્વારા પોતાના સમકાલીન સમયમાં સ્થાપિત કરાયેલા નવ પવિત્ર ધામોની ઐતિહાસિક ઝાંખી રૂપે આ મહોત્સવમાં નવ મંદિરોની આબેહૂબ પ્રતિકૃતિઓ નિર્માણ કરવામાં આવી હતી. આ પ્રતિકૃતિઓમાં તે તે મંદિરના સ્વરૂપ અનુસાર દેવોની વિધિવત્ સ્થાપના કરવામાં આવી હતી, જે ભક્તો માટે અદ્વિતીય આધ્યાત્મિક અનુભૂતિનું કેન્દ્ર બની રહી હતી.

આ દિવ્ય આયોજન દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાયના પવિત્ર "નવ ધામ" ના દર્શન એક જ સ્થળે પ્રાપ્ત થતા હોય તેવી ભાવના ઊભી થતી હતી — જાણે હરિભક્તોને પૃથ્વી પર જ અક્ષરધામ ના સાક્ષાત્ દર્શન થઈ રહ્યા હોય!

દેશ-વિદેશથી પધારેલા લાખો યાત્રિકો અને હરિભક્તોએ એક જ સ્થળે નવ ધામના દર્શન કરીને અનન્ય આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો અને નવધામના દર્શનનું પવિત્ર ફળ પ્રાપ્ત કરીને પોતાના જીવનને ધન્ય બનાવ્યું.

આ પ્રતિકૃતિઓ માત્ર કલાત્મક નિર્માણ નહોતી, પરંતુ ભક્તોને ભગવાનની પ્રાપ્તિ, પરંપરા અને આધ્યાત્મિક યાત્રાનો જીવંત અનુભવ કરાવતું એક દિવ્ય સાધન બની રહી — જે દરેકના હૃદયમાં અખંડ ભક્તિ અને શાંતિની લાગણી પ્રગટાવી જાય તેવું હતું.























જેતલપુર દ્વિશતાબ્દી મહોત્સવ – પ્રદર્શન ખંડ: જેતલપુર ખાતે ઉજવાયેલ દ્વિશતાબ્દી મહોત્સવ એક ઐતિહાસિક અને આધ્યાત્મિક અવસર તરીકે ઉજવાયો હતો. આ મહોત્સવ દરમિયાન ભક્તો અને મુલાકાતીઓ માટે વિશેષ રૂપે એક ભવ્ય પ્રદર્શન ખંડ તૈયાર કરવામાં આવ્યો હતો, જે સમગ્ર મહોત્સવનું મુખ્ય આકર્ષણ બન્યો હતો.

આ પ્રદર્શન ખંડમાં પરમ કૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના જીવન દરમિયાન કરેલા દિવ્ય લીલા ચરિત્રોને જીવંત સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા હતા. ખાસ કરીને જેતલપુરમાં તેમના ૩૫૮ દિવસના અલૌકિક નિવાસ દરમિયાન થયેલ વિવિધ ધાર્મિક, સામાજિક અને આધ્યાત્મિક પ્રસંગોને ચિત્રો, મોડેલો અને દૃશ્યાત્મક રજૂઆત દ્વારા પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનોના માધ્યમથી ભક્તોને એવો અનુભવ થતો હતો કે તેઓ સ્વયં તે દિવ્ય પ્રસંગોના સાક્ષી બની રહ્યા છે.

પ્રદર્શન ખંડમાં ભગવાનના ભક્તિમય વિચરણને વિશેષ રીતે દર્શાવવામાં આવ્યું હતું. તેમાં પવિત્ર યજ્ઞો, સેવા કાર્યો, પ્રાકૃતિક સંસાધનોનો સંરક્ષણ અને સમાજકલ્યાણ માટેના ઉપાયો જેવા વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સાથે જ મોટા સંતો અને હરિભક્તોના મિલન, સત્સંગની મહિમા તથા જ્ઞાનવર્ધક ઉપદેશોને પણ સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા હતા.

વિશેષ નોંધપાત્ર બાબત એ હતી કે વચનામૃત ના પાંચ મહત્વપૂર્ણ વચનામૃતો, જે મહારાજે જેતલપુરમાં સ્વમુખે આપ્યા હતા, તે પણ પ્રદર્શનમાં સમાવાયા હતા. આ વચનામૃતો ભક્તોના આધ્યાત્મિક વિકાસ માટે માર્ગદર્શક રૂપ છે.

જેતલપુર મંદિર દ્વિશતાબ્દી મહોત્સવમાં સામાજિક સમરસતાનો ઉત્કૃષ્ટ ચિત્ર દ્વારા સંદેશ : જેતલપુર મંદિરના દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે ભવ્ય અને આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ માત્ર ધાર્મિક નહીં પરંતુ સામાજિક જાગૃતિ અને સમરસતાનો અનોખો સંદેશ આપનાર બન્યો હતો.

ભગવાન સ્વામિનારાયણે પોતાના સમયથી જ સમાજમાં સમરસતા, સમાનતા અને એકતાનો ભાવ પ્રસ્થાપિત કર્યો હતો. આ મહોત્સવ દરમિયાન પણ આ જ સંદેશને જીવંત રીતે રજૂ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને સામાજિક સમરસતાને દર્શાવતું એક અનોખું અને આકર્ષક પ્રદર્શન સૌનું ધ્યાન કેન્દ્રિત કરતું હતું.

આ પ્રદર્શનમાં લગભગ ૪૫ ફૂટ લંબાઈ અને ૧૦ ફૂટ ઊંચાઈ ધરાવતું વિશાળ ચિત્ર તૈયાર કરવામાં આવ્યું હતું. આ ચિત્રમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સમકાલીન સમયમાં વિવિધ જાતિ, વર્ણ અને જ્ઞાતિના ભક્તો કેવી રીતે એકતા અને ભક્તિભાવ સાથે જોડાયા હતા તે જીવંત રીતે રજૂ કરવામાં આવ્યું હતું. દરેક જાતિ અને જ્ઞાતિમાંથી એક પ્રતિનિધિને મહારાજ સાથે દર્શાવવામાં આવ્યા હતા, જે સમરસતાના મૂળભૂત સિદ્ધાંતને પ્રતિબિંબિત કરે છે.આ ચિત્ર દ્વારા એ સંદેશ સ્પષ્ટપણે આપવામાં આવ્યો હતો કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં કોઈપણ પ્રકારનો ભેદભાવ નથી અને દરેક વ્યક્તિ સમાન છે. લગભગ ૭૨ જાતિઓ અને ચાર વર્ણોના લોકો એક જ ધર્મ અને એક જ ભાવના સાથે જોડાયા હતા, જે સમાજમાં રહેલી અસમાનતા અને ભ્રાંતિઓને દૂર કરવાનો શક્તિશાળી પ્રયાસ હતો.





અખંડ ધૂન – ભક્તિ અને સમરસતાનું દિવ્ય દર્શનઃ ભગવાન સ્વામિનારાયણના પવિત્ર સ્મરણ સાથે યોજાયેલ અખંડ ધૂન મહોત્સવમાં સત્સંગી હરિભક્તોએ અદ્‌ભુત ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. વિવિધ તાલુકાઓમાંથી આવેલા હરિભક્તોએ સંકલિત આયોજન દ્વારા ત્રણ-ત્રણ કલાકના સમયગાળામાં સતત ધૂન-પ્રાર્થના કરી, જે ભક્તિ અને એકતાનું જીવંત પ્રતિબિંબ બની રહી.

આ અવસર દરમિયાન ઢોલ, નગારા, તાલ અને મંજીરાના મધુર નાદ સાથે "સ્વામિનારાયણ" મહામંત્રની ગુંજારવથી સમગ્ર પરિસર આધ્યાત્મિક ઉર્જાથી મહેકી ઉઠ્યું હતું. હરિભક્તોના ઉમળકાભેર સહભાગથી ભજન-કીર્તનનો માહોલ અત્યંત ભાવવિભોર અને દિવ્ય બન્યો.

આ મહોત્સવમાં શહેર, ગામ તેમજ વિદેશમાંથી આવેલા ૫૦,૦૦૦થી વધુ હરિભક્તોએ હાજરી આપી અને અખંડ ધૂન-કીર્તનનો લાભ લીધો હતો. ઉપરાંત, દર્શનાર્થે આવેલા શ્રદ્ધાળુઓને પણ આ પવિત્ર અવસરમાં સહભાગી બની ભજન કરવાની સુવર્ણ તક પ્રાપ્ત થઈ હતી.

ફ્લાવર શો અને ગ્લો ગાર્ડન – પ્રકૃતિ, પર્યાવરણ અને આધ્યાત્મિકતાનો અનોખો સંગમ : મહોત્સવ દરમિયાન આયોજન કરાયેલ ભવ્ય ફ્લાવર શો અને ગ્લો ગાર્ડન સમગ્ર કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર બન્યું હતું. તમામ માર્ગોની બન્ને બાજુ નાના-મોટા રંગબેરંગી રોપાઓ અને નાજુક ફૂલદાર છોડોથી સજાવટ કરવામાં આવી હતી. આશરે ૨૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં વિસ્તરાયેલ આ ફૂલોથી સજ્જ પરિસર પ્રકૃતિના સૌંદર્યનું જીવંત પ્રતિબિંબ બની ગયું હતું.

આ ફ્લાવર શોમાં દેશ-વિદેશની વિવિધ જાતિના ફૂલો તથા આશરે પાંચ લાખ જેટલા નાના-મોટા છોડોનું સુંદર અને સુવ્યવસ્થિત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ આયોજનનો મુખ્ય હેતુ માત્ર સૌંદર્ય પ્રદર્શિત કરવાનો નહોતો, પરંતુ સમાજમાં પર્યાવરણીય જાગૃતિ ફેલાવવી, વૃક્ષોના મહત્વને ઉજાગર કરવું અને પર્યાવરણના સંરક્ષણ માટે પ્રેરણા આપવી એ પણ હતો.

ફ્લાવર શોમાં વિશેષ આકર્ષણરૂપે ભગવદ્‌ગીતા ના ઉપદેશને દર્શાવતી ૩૦ ફૂટ ઊંચી દિવ્ય પ્રતિકૃતિ ફૂલો દ્વારા નિર્માણ કરવામાં આવી હતી, જેમાં શ્રીકૃષ્ણ ભગવાન દ્વારા



અર્જુનને આપવામાં આવેલા ઉપદેશનું મનોહર દર્શન કરાવવામાં આવ્યું હતું. સાથે સાથે પંચદેવ સ્વરૂપે ભગવાન શિવની ભવ્ય પ્રતિકૃતિ પણ રચવામાં આવી હતી, જે ધાર્મિક સમરસતાનો સુંદર સંદેશ આપતી હતી.

ગ્લો ગાર્ડન વિભાગમાં વિવિધ પ્રાણીઓ અને આકૃતિઓને પ્રકાશિત સજાવટ દ્વારા જીવંત બનાવવામાં આવ્યા હતા. ખાસ કરીને સાંજના સમયે આ ગાર્ડનનું દ્રશ્ય અત્યંત મનમોહક અને અલૌકિક લાગતું હતું. એવું અનુભવાતું હતું કે જાણે પ્રકૃતિની ઝગમગાટ સાક્ષાત્ ધરતી પર ઉતરી આવી હોય!

આ સમગ્ર પ્રદર્શનને નિહાળવા માટે દૂરસૂદૂરથી લોકો ઉમટી પડ્યા હતા. નિઃશુલ્ક પ્રવેશ સાથે આ અનોખા ફ્લાવર શોએ દરેક દર્શકને આનંદિત અને અભિભૂત કરી દીધા હતા.

અત્યાર સુધી સંપ્રદાયમાં અનેકવિધ ઉત્સવો યોજાયા છે, પરંતુ આ અવસરનો ફ્લાવર શો અને ગ્લો ગાર્ડન વિશેષ રીતે સદાકાળ યાદગાર બની રહેશે. કારણ કે પ્રથમવાર આ પ્રકારના પ્રયોગ દ્વારા ધાર્મિકતા સાથે પર્યાવરણ અને પ્રકૃતિનું સુંદર સંકલન કરીને સમાજ સમક્ષ એક નવી દિશા પ્રસ્તુત કરવામાં આવી હતી.

સભા મંડપ : જેતલપુર ધામના દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે નિર્મિત વિશાળ અને ભવ્ય સભા મંડપ એ આ સમગ્ર મહોત્સવનું આકર્ષણ કેન્દ્ર બની રહ્યું હતું. મુખ્ય દ્વાર તરીકે જેતલપુર ધામ મંદિરની આબેહૂબ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી, જે દર્શન કરતા જ ભક્તોના હૃદયમાં ભક્તિભાવ જાગૃત થતો હતો.

આ સભામંડપનો વિસ્તાર આશરે ૨૬૦ ફૂટ બાય ૬૦૦ ફૂટ જેટલો વિશાળ હતો, જેમાં એક સાથે ૪૦,૦૦૦ થી ૫૦,૦૦૦ હરિભક્તો સુવ્યવસ્થિત રીતે બેસી શકે તેવી સુંદર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

મુખ્ય મંચ પર ૨૧૦ ભૂદેવો દ્વારા ભાગવત સહિંતાનો પાઠ ચાલી રહ્યો હતો, જ્યારે દેશના વિવિધ ભાગોથી પધારેલા આશરે ૪૦૦ સંતો માટે વિશેષ બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. સભામંડપના કેન્દ્રસ્થાને શ્રીરેવતી, બળદેવજી, હરિકૃષ્ણ મહારાજ તથા ધર્મકુળના પવિત્ર સિંહાસનો સ્થાપિત કરવામાં આવ્યા હતા. વક્તાશ્રીની વ્યાસપીઠ પરથી થતી કથાવાર્તા સમગ્ર વાતાવરણને દિવ્ય બનાવતી હતી, જેનાથી સભામંડપમાં ઉપસ્થિત દરેક વ્યક્તિને સ્વર્ગ જેવી અનુભૂતિ થતી હતી.

મુખ્ય મંચની પાછળની બાજુએ જેતલપુર ધામ મંદિરની થ્રી-ડી આકારની આબેહૂબ ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી. આ વૈજ્ઞાનિક અને કલાત્મક રજૂઆત એવી લાગતી હતી કે જાણે ભગવાન જાતે જ જેતલપુર ધામના પાટનગરમાં બેસીને કથાવાર્તા કરી રહ્યા હોય. આ દ્રશ્ય ભક્તોના હૃદયને સ્પર્શી જતું હતું અને તેમને ઐતિહાસિક અનુભૂતિ કરાવતું હતું.

આ ભવ્ય સભામંડપમાં વિવિધ ક્ષેત્રોના અગ્રણી વ્યક્તિઓ – વેદજ્ઞો, રાષ્ટ્રીય, સામાજિક અને રાજકીય આગેવાનો, તેમજ વિશેષ પુરસ્કાર પ્રાપ્ત કરનાર મહાનુભાવો અને દેશની સુરક્ષા માટે સમર્પિત સૈનિકોએ હાજરી આપી હતી.








સૌએ આ પવિત્ર સ્થળે ઉપસ્થિત રહીને અક્ષરધામ જેવી દિવ્ય અનુભૂતિનો લાભ લીધો હતો.

ભગવાન મળ્યા ના પાવન અવસરની ઉજવણી તા. ૫-૩-૨૦૨૬ થી ૧૧-૩-૨૦૨૬ દરમિયાન ભવ્ય અને દિવ્ય રીતે યોજાઈ હતી. આ પવિત્ર અવસરમાં દેશ-વિદેશમાંથી આશરે ૨૦ થી ૨૫ લાખ હરિભક્તોએ હાજરી આપી અને આ અવસરનો લાભ લીધો. આ મહોત્સવ દ્વારા ભક્તોએ ધાર્મિકતા અને પર્યાવરણની સમરસતા સાથે અક્ષરધામના દ્વારની પ્રાપ્તિ જેવી દિવ્ય અનુભૂતિ કરી હતી.

આ અવસરની વિશેષતા તરીકે આયોજનમાં સુવ્યવસ્થા અને સેવાભાવનાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું. ખાસ કરીને વૃદ્ધ મહિલા-પુરુષો તથા ભાઈ-બહેન હરિભક્તોને લાંબું અંતર ચાલવું ન પડે તે માટે ૬૦ થી વધુ ઈલેકટ્રીક કારની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સુવિધાના કારણે હરિભક્તો સરળતાથી સમગ્ર પ્રદર્શન અને પ્રતિકૃતિઓના દર્શન કરી શક્યા અને કોઈપણ સ્થળ કે દર્શનથી વંચિત ન રહે તેની સંપૂર્ણ કાળજી લેવામાં આવી હતી.





આ સમયગાળામાં જાણે ભગવાને હરિભક્તોની મીઠી પરીક્ષા પણ લીધી હોય તેમ અનુભવાયો હતો. સવારની ઠંડકથી શરૂ થતો દિવસ ધીમે ધીમે તડકામાં ફેરવાતો અને ગરમીનું જોર વધતું હોવા છતાં હરિભક્તોમાં અડગ શ્રદ્ધા, જુસ્સો અને ઉત્સાહ યથાવત્ રહ્યો હતો. હરિભક્તોને ગરમીથી રાહત મળે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તરબૂચનો જ્યુસ, શેરડીનો રસ તેમજ લૂથી બચવા માટે જરૂરી તમામ કાળજી લેવામાં આવી હતી. સાથે સાથે ઠંડી લસ્સી પ્રસાદ સ્વરૂપે પીરસવામાં આવી હતી, જેના દ્વારા આ તાપમાન વચ્ચે પણ હરિભક્તોને શાંતિ અને આનંદની અનુભૂતિ થઈ હતી.


આ રીતે આ પાવન અવસર માત્ર ધાર્મિક મહોત્સવ જ નહીં, પરંતુ વ્યવસ્થા, સેવા, સહાનુભૂતિ અને સમરસતાનું જીવંત પ્રતિક બની રહ્યો હતો.

Army dome : જેતલપુર ધામ ખાતે યોજાયેલા દ્વિશતાબ્દી મહોત્સવમાં "ભગવાન મળ્યા"ના પાવન અવસરને અતિ ભવ્ય અને અનોખી રીતે ઉજવવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં ધાર્મિક ભાવના સાથે દેશભક્તિનો પણ સુમેળ સર્જાયો હતો. ખાસ કરીને ભારતીય સેનાની ત્રણેય પાંખો – Indian Army, Indian Navy અને Indian Air Force – ના કાર્ય કૌશલ્યને દર્શાવતો વિશિષ્ટ ડોમ સમગ્ર મહોત્સવનું આકર્ષણ કેન્દ્ર બન્યો હતો.

આ રીતે, જેતલપુર ધામના દ્વિશતાબ્દી મહોત્સવમાં તૈયાર કરાયેલ આ ભારતીય સેનાની ત્રણેય પાંખોનો વિશિષ્ટ ડોમ માત્ર એક પ્રદર્શન નહોતો, પરંતુ દેશભક્તિ, શિસ્ત, શૌર્ય અને સમર્પણની જીવંત પ્રેરણા હતો. આ અનોખું આયોજન મહોત્સવની એક અવિસ્મરણીય યાદગીરી બની રહ્યું છે, જે દરેક દર્શકના હૃદયમાં સદાય માટે દેશપ્રેમનો દીપ પ્રગટાવી જાય છે.

રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમો

પ્રથમ દિન : પ્રથમ દિવસે નાટ્ય સ્વરૂપે "ભારત ગાથા"નું અદ્‌ભુત અને હૃદયસ્પર્શી વર્ણન રજૂ કરવામાં આવ્યું હતું. જેતલપુર ગામના પ્રતિભાશાળી બાળકો દ્વારા ભારતીય સનાતન સંસ્કૃતિને જીવંત બનાવતું આ નાટ્ય પ્રદર્શન સૌના મનને મંત્રમુગ્ધ કરી ગયું હતું. આ કાર્યક્રમ માત્ર સાંસ્કૃતિક જ નહીં પરંતુ રાષ્ટ્રીયતાના ઊંડા ભાવોથી ઓતપ્રોત બન્યો હતો.


સ્વામિનારાયણ ભગવાનનો
અવસર

દ્વિતીય દિન : જેતલપુર ધામના દ્વિશતાબ્દી મહોત્સવના દ્વિતીય દિવસે રાત્રિનો સાંસ્કૃતિક કાર્યક્રમ એક અવિસ્મરણીય યાદગાર બની રહ્યો. ગુજરાત જ નહીં, પરંતુ દેશ-વિદેશમાં લોકસાહિત્ય ક્ષેત્રે અગ્રસ્થાને રહેલા વિખ્યાત લોકસાહિત્યકાર રાજભા ગઢવી ની પાવન ઉપસ્થિતિએ સમગ્ર વાતાવરણને એક અલગ જ ઊંચાઈ પર પહોંચાડ્યું.

તૃતીય દિનઃ સહજાનંદમ્ નાટિકા : તૃતીય દિવસે યોજાયેલ "સહજાનંદમ્" નાટિકાએ સમગ્ર મહોત્સવને એક અનોખી ઊંચાઈ પર પહોંચાડ્યો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયના વૈભવી ઇતિહાસને આધારે, તેમજ ભગવાને વચનામૃતમાં સંભળાવેલી "લીલા ચરિત્રો સંભારી રાખવા" જેવી અમૂલ્ય આજ્ઞાને કેન્દ્રમાં રાખીને, આ નાટિકા તૈયાર કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય સ્તરના તેમજ ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા રજૂ કરાયેલ આ નાટિકા એટલી જીવંત અને ભાવસભર હતી કે દરેક પ્રસંગે દર્શકોને ભૂતકાળની દિવ્ય લીલાઓનો સાક્ષાત્ અનુભવ થતો હતો. ભગવાન સ્વામિનારાયણના જીવનના મહત્વપૂર્ણ લીલા ચરિત્રોને સુંદર રીતે મંચ પર રજૂ કરવામાં આવ્યા, જેમાં ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનો સુમેળ સ્પષ્ટ અનુભવાયો હતો.

ચતુર્થ દિન : રેવતી–બળદેવજી–હરિકૃષ્ણ મહારાજ ધર્મોત્સવ : રેવતીજી અને બળદેવજીના પાવન વૈવાહિક પ્રસંગની ઝાંખી કરાવવા નિમિત્તે ભવ્ય લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વરપક્ષ, કન્યાપક્ષ તેમજ મોસાળ પક્ષના વિધિવત્ સંસ્કારો સાથે હિંદુ સનાતન પરંપરા મુજબ સમગ્ર કાર્યક્રમ ધામધૂમથી યોજાયો હતો. હજારો ભાવિક ભક્તોની ઉપસ્થિતિમાં આ પાવન અવસર અતિ આનંદમય અને ભાવવિભોર બની ગયો હતો.

લગ્નવિધિના દરેક પ્રસંગમાં પરંપરાગત રીતરિવાજોની સુંદર ઝાંખી જોવા મળી હતી, જેમાં મંડપ મુહૂર્તથી લઈને ફેરા સુધીના દરેક વિધિમાં આધ્યાત્મિક ભાવના છલકાતી હતી. સમગ્ર વાતાવરણ કીર્તનોના ગાનથી ગુંજી ઉઠ્યું હતું, જેમાં બ્રહ્માનંદ સ્વામીના લગ્નવિષયક કીર્તનોના મધુર સ્વરો ભક્તોના હૃદયને સ્પર્શી રહ્યા હતા.

આમ, આ દૈવી લગ્નોત્સવ માત્ર એક કાર્યક્રમ નહોતો, પરંતુ ભક્તિ, સંસ્કૃતિ અને આનંદનો જીવંત ઉત્સવ બની રહ્યો—જ્યાં દરેક ક્ષણે પરમાત્માની પ્રસન્નતા, પરંપરાની પવિત્રતા અને ભક્તોના ઉમંગનો એવો અદ્વિતીય મેળાપ થયો કે આ વર્ણન વાંચતાં જ હૃદયમાં એ પાવન પ્રસંગને પોતાના નયનોથી નિહાળવાની પ્રબળ લાગણી જાગી ઊઠે

પંચમ દિન : ભારતમાં પ્રચલિત અને પ્રસિદ્ધ ગાયક શ્રી Kailash Kherની ઉપસ્થિતિમાં અવિસ્મરણીય અને અનોખા પ્રકારના સંગીતમય કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પરંપરાગત બેઠક વ્યવસ્થા સાથે સંગીતનો આનંદ માણવાનો વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું, જે ખાસ કરીને યુવાનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

આ કાર્યક્રમ માત્ર મનોરંજન પૂરતો સિમિત ન રહ્યો પરંતુ ભક્તિ, સંગીત અને આધ્યાત્મિકતાનો અદ્‌ભુત સુમેળ રચી ઉપસ્થિત દરેકના હૃદયમાં અવિસ્મરણીય છાપ છોડી ગયો હતો.

ષષ્ઠિ દિન : મહોત્સવના છઠ્ઠા દિવસે ગુજરાતના પ્રખ્યાત લોક સાહિત્યકાર અને ગીત કલાકાર Geeta Rabariની અલૌકિક શૈલીમાં ભવ્ય સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

Geeta Rabari દ્વારા સ્વામિનારાયણ ભગવાનના ભાવભીનાં ભજન-કીર્તનો તથા ગુજરાતી ગરબાની સુગંધથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. તેમના મધુર સ્વર અને હૃદયસ્પર્શી પ્રસ્તુતિએ ઉપસ્થિત ભાવિક ભક્તોને અંતરમાં અદ્‌ભુત શાંતિ અને ટાઢકનો અનુભવ કરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા અને સૌએ સંગીત સાથે ભક્તિનો અનોખો આનંદ માણ્યો હતો. લોકસંગીત અને આધ્યાત્મિકતાનો આ સુંદર સમન્વય ઉપસ્થિત દરેકના હૃદયમાં અવિસ્મરણીય છાપ છોડી ગયો હતો.

દેશ-વિદેશમાંથી પધારેલ પૂજ્ય સંતો, મહંતો અને વિદ્વાન મહાનુભાવોની પવિત્ર ઉપસ્થિતિ : જેતલપુર મંદિર ખાતે ઉજવાયેલ દ્વિશતાબ્દી મહોત્સવનો ભવ્ય અને આધ્યાત્મિક કાર્યક્રમ સાત દિવસ સુધી વિશેષ ભક્તિભાવ અને ઉમંગ સાથે યોજાયો હતો. આ પવિત્ર અવસર દરમિયાન દેશ-વિદેશમાંથી





પધારેલ પૂજ્ય સંતો, મહંતો અને વિદ્વાન મહાનુભાવોની પવિત્ર ઉપસ્થિતિએ સમગ્ર મહોત્સવને અલૌકિક તેજસ્વિતાથી મહિમામંડિત કર્યો હતો.

આ મહોત્સવમાં નેપાળથી પધારેલ શ્રી હીરા બહાદુર ઠાકુરી તથા શ્રી લખપા તાશી ગુરુંગ, કાશી વિશ્વનાથ મહાદેવ (વારાણસી)ના પૂજારી શ્રી તીર્થ રાજ મિશ્રા તથા શ્રી સત્યનારાયણ ચૌબે, ભીમાશંકર મંદિર (પુણે)ના પૂજારી શ્રી મયુરેશ રત્નાકર કોમડલકર તથા શ્રી જામલિંદર શંકર કૌદર, ત્ર્યંબકેશ્વર મંદિર (નાસિક)ના પૂજારી શ્રી મનોજ શંકરરાવ તુંગર, બાંકે બિહારી મંદિર (વૃંદાવન)ના પૂજારી શ્રી અનંત બિહારી ગોસ્વામી તથા શ્રી વિષ્ણુ પાંડે, બદ્રીનાથ મંદિરના પૂજારી શ્રી ભુવન ચંદ્ર ઉનીયાલ, અયોધ્યા ધામના પૂજ્ય દેવશેચાર્યજી મહારાજ, સ્વામી શ્રી નરેન્દ્રાચાર્યજી મહારાજ, નાગા શ્રી આશિષ દાસ વેદાંતી, આચાર્ય અનિલ શુક્લ તથા શ્રી આદિત્ય દાસ પહેલવાન, દ્વારકા મંદિરના પૂજારી અને કથાકાર શ્રી ઉત્સવ પાઠક, સિદ્ધિવિનાયક મંદિરના પૂજારી શ્રી હેમંત ભરવાડેકરની, ઉજ્જૈનના સાંદીપની વેદવિદ્યા પ્રતિષ્ઠાનના સચિવશ્રી વિરપાક્ષ જયદીપપાલ રેડ્ડી જેવા મહાનુભાવોએ પોતાની પવિત્ર ઉપસ્થિતિ નોંધાવી હતી.

મહોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિક વિધિઓ, પૂજન-અર્ચન, કથા-વાર્તા અને ભજન-કીર્તન જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ કાર્યક્રમોમાં ભક્તજનોની વિશાળ ઉપસ્થિતિ રહી હતી અને સૌએ ભાવભર્યા હૃદયથી ભાગ લીધો હતો.

પધારેલ મહાનુભાવોએ પોતાના આશીર્વચનો દ્વારા જેતલપુર ધામનો મહિમા વર્ણવીને ભક્તોને આધ્યાત્મિક માર્ગે આગળ વધવા માટે પ્રેરિત કર્યા હતા. તેમના આશીર્વાદ ભક્તજનો માટે અમૂલ્ય અને પ્રેરણાદાયક સાબિત થયા હતા.

આ રીતે, જેતલપુર મંદિરનો દ્વિશતાબ્દી મહોત્સવ ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતા સાથે ભરપૂર રહી સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

"સ્વાભિમાન ભારત યાત્રા"ના વિચાર હેઠળ વિશેષ પરિસંવાદ

જેતલપુર મંદિરના દ્વિશતાબ્દી મહોત્સવના પાવન અવસર પર, મુખ્ય સભા મંડપમાં જ્યાં કથા-વાર્તાનો પાવન પ્રવાહ વહેતો હતો, તે જ સમયગાળામાં ઈવેન્ટ ગ્રાઉન્ડ ખાતે "સ્વાભિમાન ભારત યાત્રા"ના વિચાર હેઠળ વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદ અંતર્ગત સતત છ દિવસ સુધી વિવિધ સામાજિક, શૈક્ષણિક અને રાષ્ટ્રીય મહત્વના વિષયો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દરેક દિવસ એક વિશિષ્ટ વિષયને સમર્પિત હતો, જે આ મુજબ છે:

- દિવસ ૧ (૫ માર્ચ) – પ્રાકૃતિક ખેતી અને સમૃદ્ધ સ્વાવલંબી રાષ્ટ્ર નિર્માણ
- દિવસ ૨ (૬ માર્ચ) – ભારતીય જ્ઞાન પરંપરા અને ઔદ્યોગિક/શૈક્ષણિક સંકલન (Indian Knowledge System)
- દિવસ ૩ (૭ માર્ચ) – આયુષ્યમાન ભારત – Health and Wealth
- દિવસ ૪ (૮ માર્ચ) – ભારત અને ગુજરાતના કાયદા તથા ભારતીય ન્યાય પ્રણાલી દ્વારા રાષ્ટ્ર નિર્માણ
- દિવસ ૫ (૯ માર્ચ) – સ્વાભિમાન ભારત – Startup to Entrepreneur
- દિવસ ૬ (૧૦ માર્ચ) – સહકારથી સમૃદ્ધિ (Cooperative Development Model)

આ તમામ પરિસંવાદોમાં સમાજના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત તજજ્ઞોએ પોતાના અનુભવો અને જ્ઞાનના આધારે યુવા પેઢીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ભવિષ્યના વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની ભૂમિકા મજબૂત બને તે માટે આ કાર્યક્રમ અત્યંત પ્રેરણાદાયક સાબિત થયો હતો.

આ સમગ્ર "સ્વાભિમાન ભારત યાત્રા" અંતર્ગત યોજાયેલા કાર્યક્રમોમાં અંદાજે ૧૨,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ જ્ઞાન સાથે સાથે રાષ્ટ્રીય સ્વાભિમાનની ભાવનાનો પણ ઊંડો અનુભવ કર્યો હતો.

અંતમાં, તમામ વિદ્યાર્થીઓ આનંદિત અને ભાવવિભોર બની, દ્વિશતાબ્દી મહોત્સવની અમૂલ્ય અને જીવનભર યાદગાર ક્ષણો સાથે પોતાના ગૃહ તરફ પ્રસ્થાન કર્યું હતું.


Knowledge CONFERENCE
परिसंवाद
ORGANISER
Ayushman Bhava
HOLISTIC HEALTHCARE



વિશાળ ભોજનશાળા – સેવા, સંસ્કાર અને સમર્પણનું દિવ્ય કેન્દ્ર –જેતલપુર મંદિરના દ્વિશતાબ્દી મહોત્સવના પાવન અવસરે ભોજનશાળા એક અનોખું અને અદ્વિતીય સેવાકાર્ય બનીને ઉભરી આવી હતી. આ ભોજનશાળા માત્ર રસોઈ બનાવવાનું સ્થળ નહોતું, પરંતુ ભક્તિ, સમર્પણ અને સહકારની જીવંત પ્રતિકૃતિ હતી.

વિશાળતા અને વ્યવસ્થાના અદ્‌ભુત સંયોજન રૂપે ઉભેલી આ ભોજનશાળામાં એક સાથે બે લાખ જેટલા ભક્તો માટે ભોજન બનાવવાની ક્ષમતા ઉભી કરવામાં આવી હતી. દરરોજ સવાર, બપોર અને સાંજ – ત્રણેય સમયે બે થી ત્રણ લાખ ભક્તો માટે વિવિધ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓ તૈયાર કરવામાં આવતી હતી.

આ મહાકાય સેવાકાર્ય પાછળ ૧૬૦ નિષ્ણાંત રસોયાઓ, ૩૦૦ જેટલા સહયોગીઓ અને લગભગ ૫૦૦ જેટલા નિઃસ્વાર્થ સ્વયંસેવકો સતત સેવા આપી રહ્યા હતા. તેમની અવિરત મહેનત અને તનમનથી કરેલી સેવા એ આ ભોજનશાળાની સફળતાનું મુખ્ય બળ બની.

ભક્તોને સુવિધાપૂર્વક ભોજન મળે તે માટે ૨૦૦ ફૂટ બાય ૧૦૦ ફૂટના ૧૧ વિશાળ ડોમ બનાવવામાં આવ્યા હતા, જેમાં એક સાથે ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ જેટલા ભક્તો ભોજન લઈ શકે તેવી સુવ્યવસ્થિત વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સતત ૧૬ કલાક સુધી ચાલતા જમણવારમાં સાત દિવસ દરમિયાન આશરે ૧૨ લાખથી વધુ ભક્તોએ પ્રસાદનો લાભ લીધો હતો.

સંતો માટે વિશેષ ભોજન પ્રસાદ, યજમાનો માટે અલગ વ્યવસ્થા તેમજ સાંખ્યયોગી બહેનો માટે વિશેષ ભોજનની વ્યવસ્થા – આ બધું અત્યંત સુચિત આયોજન અને સંવેદનશીલતા દર્શાવે છે. દરેક દિવસના મેનુમાં વૈવિધ્ય રાખવામાં આવ્યું હતું, જે ભોજનને માત્ર પોષણ નહિ પરંતુ આનંદ અને તૃપ્તિનો અનુભવ કરાવતું હતું.

વિશેષ નોંધનીય બાબત એ રહી કે સમગ્ર ભોજનમાં શુદ્ધતા અને સ્વચ્છતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી હતી. મિનરલ વોટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેના માટે સ્થળ પર જ ઈ-પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો હતો, જે આ આયોજનની ઉચ્ચ સ્તરની દૃષ્ટિ અને પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

આ સમગ્ર ભોજનશાળા એ માત્ર અન્નપૂર્ણા સેવા નહોતી, પરંતુ ભક્તોને Swaminarayan Bhagwanના પ્રસાદ રૂપે અન્ન સ્વીકારીને અક્ષરધામની અનુભૂતિ કરાવતું એક દિવ્ય સાધન બની. દરેક ભક્તના ચહેરા પર દેખાતી તૃપ્તિ અને આનંદ એ આ સેવાકાર્યની સફળતાનો જીવંત પુરાવો હતો.

યાત્રિકો માટે આવાસ અને ઉતારા વ્યવસ્થા : આ મહોત્સવ દરમિયાન યાત્રિકો માટે અત્યંત સુવ્યવસ્થિત અને વિશાળ આવાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. આશરે દસથી બાર હજાર ભાઈઓ અને બહેનો એક સાથે રહી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ માટે એક સંપૂર્ણ "નગરી" જેવો માળખો ઉભો કરવામાં આવ્યો હતો, જેમાં રહેવા, ન્હાવા, સ્વચ્છતા અને દૈનિક પૂજા-પાઠ માટેની તમામ આવશ્યક સુવિધાઓનો સમાવેશ થતો હતો.

બહારગામથી આવતા સ્વયંસેવકો, યાત્રિકો તેમજ સંહિતા પાઠ કરનાર ભૂદેવોએ આ આવાસ વ્યવસ્થાનો વિશેષ લાભ લીધો હતો. આ સમગ્ર વ્યવસ્થા માત્ર સુવિધા પૂરતી નહોતી, પરંતુ તેમાં આધ્યાત્મિકતા અને શિસ્તનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો.

ખાસ કરીને, ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રદાન કરાયેલ શિક્ષાપત્રીના નિયમોને અનુસરીને આ ઉતારાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ પવિત્ર, નિયમિત અને શિસ્તબદ્ધ બન્યું હતું. આ અલૌકિક અને અકલ્પનીય રીતે રચાયેલી વ્યવસ્થાએ દર્શાવ્યું કે સુયોગ્ય આયોજન અને સંકલન દ્વારા વિશાળ પ્રમાણમાં યાત્રિકોને પણ આદર્શ રીતે સુવિધા આપી શકાય છે.

આવી સુવ્યવસ્થિત અને દાર્શનિકતાથી સમૃદ્ધ આવાસ વ્યવસ્થા આ દ્વિશતાબ્દી મહોત્સવનું એક વિશેષ આકર્ષણ બની રહી હતી.

દ્વિશતાબ્દી મહોત્સવ પવિત્ર રથયાત્રા : શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર ખાતે દ્વિશતાબ્દી મહોત્સવના પાવન અવસરે ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવનો મુખ્ય હેતુ ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપદેશો, સંસ્કાર અને આધ્યાત્મિક મૂલ્યોને સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાનો હતો. સમગ્ર ધર્મકૂળ તથા સંતો-મહંતોના આશીર્વાદથી આ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

દ્વિશતાબ્દી મહોત્સવના પાવન પર્વ નિમિત્તે દેશ-વિદેશમાં વિવિધ ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ પ્રવૃત્તિઓમાં ગામેગામ હરિભક્તોએ ઉત્સાહ, શ્રદ્ધા અને સેવાભાવ સાથે સક્રિય ભાગ લીધો હતો. મહોત્સવને લોકવ્યાપી બનાવવા માટે વિશેષ પૂર્વ તૈયારીઓ કરવામાં આવી હતી.

તે અંતર્ગત એક અનોખી અને પ્રેરણાદાયી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી રેવતીજી બળદેવજી સાથે હરિકૃષ્ણ મહારાજની પ્રતિકૃતિ સ્વરૂપે પવિત્ર રથ તૈયાર કરવામાં આવ્યો હતો. આ રથ ગુજરાતના છેવાડાના વિસ્તારો થી લઈને શહેરોના વિવિધ વિસ્તારોમાં ગામેગામ ફરીને

મહોત્સવનું આમંત્રણ સર્વ હરિભક્તો, સમાજના તમામ વર્ગો તથા સામાન્ય જનતા સુધી પહોંચાડતો રહ્યો હતો. આ યાત્રા માત્ર આમંત્રણ પૂરતી સીમિત ન રહી, પરંતુ ભક્તિ, એકતા અને સંસ્કારનો જીવંત સંદેશ પ્રસરાવતી બની હતી. છ મહિના સુધી વિચરણ કર્યું.

આ ઉપરાંત મહોત્સવ ઉપલક્ષે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમ કે કીર્તન ગાન, સત્સંગ સભાઓ, ધર્મયાત્રાઓ, ભજન સંધ્યાઓ તથા સામાજિક સેવા પ્રવૃત્તિઓ આદિ હરિભક્તોએ ગામેગામ જઈને લોકોમાં જાગૃતિ ફેલાવી અને મહોત્સવમાં જોડાવા માટે પ્રેરણા આપી હતી.

મહોત્સવ દરમિયાન મુખ્ય સભા મંડપમાં સાત દિવસ સુધી વિવિધ આધ્યાત્મિક તથા પ્રેરણાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા આ મહોત્સવના અધ્યક્ષ પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પાવન આશીર્વાદ પ્રાપ્ત થતા રહ્યા હતા. તેમણે પોતાના પ્રવચનો દ્વારા હરિભક્તોને દેવપ્રત્યેની અડગ નિષ્ઠા, જેતલપુર ધામનો મહિમા તથા સંપ, સુહૃદભાવ અને એકતાની પ્રેરણાદાયી વાતોથી સત્સંગનું બળ પૂરું પાડ્યું હતું.

પોથીયાત્રા — ઉત્સવની ભવ્ય શરૂઆત : સાત દિવસીય મહોત્સવનો શુભ આરંભ પોથીયાત્રાથી કરવામાં આવ્યો હતો. ભારતીય સનાતન વૈદિક પરંપરાને અનુસરીને યોજાયેલ આ પોથીયાત્રા અત્યંત ભવ્ય અને આકર્ષક રહી હતી. આશરે ૨૫૦ સહિતાપાઠ સાથે અનેક સુશોભિત રથો પોથીયાત્રાના મુખ્ય આકર્ષણ બન્યા હતા.


યજમાનશ્રીઓએ માથે સાફા ધારણ કરી અવસર માર્ગથી પોથીયાત્રાની શરૂઆત કરી, જે મુખ્ય બદ્રીનારાયણ ગેટ સુધી પહોંચી હતી અને ત્યાંથી સભા મંડપમાં પ્રવેશી વ્યાસપીઠ સુધી ગૌરવપૂર્ણ રીતે આગળ વધેલી હતી.

આ પોથીયાત્રા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પાવન અધ્યક્ષતામાં, પૂજ્ય સંતો તથા યજમાનશ્રીઓની વિશાળ ઉપસ્થિતિમાં ભક્તિભાવપૂર્ણ વાતાવરણ સાથે સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

મહિલા મંચ : ભગવાન મળ્યાના પવિત્ર અવસરે યોજાયેલા દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન મુખ્ય સભા મંડપમાં વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ભવ્ય અને ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂ.શ્રીરાજાની અધ્યક્ષતામાં મહિલા મંચ દ્વારા વિવિધ સાંસ્કૃતિક અને વ્યવહારિક નાટ્ય પ્રદર્શન યોજાયા હતા, જેમાં જીવન મૂલ્યો, સંસ્કાર અને આધ્યાત્મિકતા સાથે જોડાયેલા સંદેશો રજૂ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં તજજ્ઞ સાંખ્યયોગી બહેનોના માર્ગદર્શનથી યુવતીઓ માટે સંસ્કારયુક્ત અને ઉજ્જવળ ભવિષ્યનું પ્રેરણાદાયક દિશાદર્શન પ્રાપ્ત થયું હતું. ખાસ નોંધનીય બાબત એ રહી કે ૮ માર્ચ, વિશ્વ મહિલા દિવસના પવિત્ર દિવસે જ આ કાર્યક્રમનું આયોજન થયું હતું, જેના કારણે આ ઉજવણીને વિશેષ મહત્વ મળ્યું હતું.




महिलामंथ

દેશ-વિદેશમાંથી હજારો કરતાં વધુ બહેનોએ ઉપસ્થિત રહી આ કાર્યક્રમનો લાભ લીધો હતો અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પૂ.શ્રીરાજાના આશીર્વાદ પ્રાપ્ત કરવાનો સોનેરી અવસર પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન દેવનો મહિમા મજબૂત થાય, નીતિ-ધર્મના નિયમો જીવનમાં ઉતરે અને સમાજમાં ધર્મનું સશક્ત સ્થાપન થાય તેવા ઉદ્દેશ સાથે વૈવિધ્યપૂર્ણ રજૂઆતો કરવામાં આવી હતી.

આ રીતે મહિલા મંચ દ્વારા આયોજિત આ કાર્યક્રમ પાંદડે પાંદડે સત્સંગ ફેલાય અને સમાજમાં સંસ્કાર, સદાચાર અને આધ્યાત્મિકતાનું બીજ વાવવામાં મહત્વપૂર્ણ સાબિત થયો હતો.

મલિન જળ શુદ્ધિકરણ કેન્દ્ર : દ્વિશતાબ્દી મહોત્સવના આ ભવ્ય અવસર દરમિયાન પર્યાવરણ સંરક્ષણ અને જળસંચયને પ્રાથમિકતા આપતા એક અનોખી પહેલ કરવામાં આવી હતી. દરરોજ આશરે અઢીથી ત્રણ લાખ લીટર મલિન જળનું શુદ્ધિકરણ કરી તેને પુનઃઉપયોગ માટે તૈયાર



ગ્લોબલ એક્સ બુક ઓફ રેકોર્ડનો એવોર્ડ સ્વીકારતા ધર્મકૂળ

કરવામાં આવતું હતું. શુદ્ધ થયેલું આ પાણી કૃષિ કાર્ય માટે તેમજ આસપાસના ખેડૂતોને ઉપયોગ માટે આપવામાં આવતું હતું, જેના કારણે પાણીનો યોગ્ય સંચાલન અને સંવર્ધન બંને શક્ય બન્યા હતા.

આ અવસર માટે વિશેષ રૂપે મહોત્સવ મેદાનમાં જ મલિન જળ શુદ્ધિકરણ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી. સંપ્રદાયના ઈતિહાસમાં આ પ્રકારનું પર્યાવરણલક્ષી અને જળસંચય આધારિત કાર્ય પ્રથમવાર કરવામાં આવ્યું હોવાને કારણે તે એક અનોખી અને પ્રેરણાદાયી પહેલ સાબિત થઈ હતી.

આ મહત્વપૂર્ણ સેવા અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિને માન્યતા આપતા આ કાર્યને ગ્લોબલ એક્સ બુક ઓફ રેકોર્ડ દ્વારા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જેતલપુરના આ દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન થયેલ આ પહેલે ભગવાન મળ્યા ના પવિત્ર અવસરને વધુ ગૌરવપૂર્ણ બનાવ્યો હતો અને તેની પ્રસિદ્ધિ દેશ-વિદેશ સુધી પહોંચે તેવો એક સકારાત્મક સંદેશ આપ્યો હતો.

આ સેવા કાર્ય દ્વારા માત્ર જળસંચય જ નહીં પરંતુ પ્રકૃતિના જતન અને સ્થાયી વિકાસ માટેનું એક ઉત્તમ ઉદાહરણ પણ સ્થાપિત થયું હતું.

મંત્ર મંદિર : છેલ્લા ત્રણ વર્ષથી ભક્તો દ્વારા શ્રદ્ધાભાવે લખાયેલ સ્વામિનારાયણ મહામંત્ર ના મંત્રલેખનની નોટબૂકો અને મંત્રબૂકોનું વિશાળ પ્રદર્શન યોજાયું હતું, જેમાં ત્રણ લાખથી વધુ મંત્રલેખન સંકલિત થયું હતું. કુલ મળીને પાંચ કરોડથી વધુ મહામંત્રના નામ લેખન દ્વારા ભક્તિપૂર્ણ અર્પણ કરવામાં આવ્યું હતું, જે આ મહોત્સવની આધ્યાત્મિક ઊંચાઈ દર્શાવે છે.





"હર ઘર કીર્તન" : આ મહોત્સવમાં "હર ઘર કીર્તન" અભિયાન એક મજબૂત આધારસ્તંભ બન્યું, જેમાં ૬૫૦ ગામોમાં ૨૦૦ કલાકની અખંડ ધૂન તથા ૨૦૦ ગામોમાં ૨૦૦ મિનિટની અખંડ ધૂન યોજાઈ હતી, જેના માધ્યમથી ભક્તિભાવનો વ્યાપક પ્રસાર થયો હતો.

ષોડશોપચાર : ખાસ મહોત્સવનું કેન્દ્રબિંદુ મુખ્ય મંદિર રહ્યું હતું, જ્યાં બિરાજમાન શ્રી રેવતી બળદેવજી, હરેકૃષ્ણ મહારાજ અને બાળ ઘનશ્યામ મહારાજના દિવ્ય દર્શન ભક્તોને પ્રાપ્ત થતા હતા. આ સાત દિવસ દરમિયાન રોજ મંગળા આરતી સાથે મંદિરને વિવિધ પ્રકારના સુગંધિત અને રંગબેરંગી ફૂલોથી ભવ્ય રીતે સુશોભિત કરવામાં આવ્યું હતું. સમગ્ર મંદિર પ્રાંગણ આકર્ષક લાઈટીંગથી ઝગમગી ઊઠતું હતું, જે ભક્તોમાં અદ્‌ભુત

આનંદ અને ભક્તિભાવ જગાવતું હતું.

સાતેય દિવસ ખાસ કેસર અભિષેકનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે ફાગણ વદ-૮ ને ૧૧ માર્ચના પાટોત્સવના પવિત્ર દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર સાથે મુખ્ય પૂજા અને મહાભિષેક કરી બળદેવજી દાદાનો અભિષેક કર્યો હતો.આ પવિત્ર ક્ષણો ભક્તો માટે અવિસ્મરણીય બની રહી હતી.

આ સમગ્ર મહોત્સવ દરમિયાન લાખો હરિભક્તોએ ભગવાનના દર્શનનો લાભ લીધો હતો. દિવ્યતા અને આધ્યાત્મિક ઊર્જાથી પરિપૂર્ણ એવા આ અવસરમાં સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ બિરાજમાન હોય તેવી અનુભૂતિ દરેક ભક્તના હૃદયમાં થઈ હતી, અને જેતલપુર ધામમાં એક અનોખો, પવિત્ર અને ભક્તિમય માહોલ સર્જાયો હતો.

"ચાર વેદની યજ્ઞશાળા" : જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવ દરમ્યાન "ચાર વેદની યજ્ઞશાળા" એક વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ યજ્ઞશાળા પ્રાચીન વૈદિક પરંપરાનું જીવંત પ્રતિબિંબ હતી, જેમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદના પવિત્ર મંત્રોના ઉચ્ચાર સાથે યજ્ઞ વિધિઓ યોજાઈ હતી.

વેદોક્ત મંત્રોની આહુતિ દ્વારા આ યજ્ઞશાળામાં યજમાનશ્રી તથા તેમના પરિવારજનોને પાવન લાભ મેળવવાનો અવસર મળ્યો હતો. વૈદિક પરંપરા અનુસાર આ યજ્ઞ દ્વારા આધ્યાત્મિક શુદ્ધિ, શાંતિ અને સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

આ યજ્ઞશાળા દ્વારા ભક્તોને પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને વૈદિક પરંપરાનો દિવ્ય અનુભવ પ્રાપ્ત થયો હતો.






















ઉદ્ઘાટન પ્રસંગ : શ્રી જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવનો ઉધ્ઘાટન પ્રસંગ અતિ દિવ્ય અને અલૌકિક ભાવનાથી ભરેલો રહ્યો હતો. આ પવિત્ર ક્ષણે ભક્તિભાવથી ઓતપ્રોત કીર્તન "છેલ છોગાળો મારે મંદિર નિત્ય પધારે" ના મધુર સ્વરો વચ્ચે સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક બની ગયું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે માતૃત્વ, સમર્પણ, ત્યાગ અને અડગ શ્રદ્ધાના ભક્તિનો સમન્વય કરીને પોતાના સ્વહસ્તે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની જેતલપુરધામમાં પ્રતિષ્ઠા કરી હતી. આ પવિત્ર ઘટનાને ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના આ અવસર પર મહોત્સવનું ભવ્ય દીપ જ્યોતિથી ઉધ્ઘાટન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ધર્મકુળના આશીર્વાદ પણ પ્રાપ્ત થયા હતા, જેમાં દેવ પ્રત્યે અડગ નિષ્ઠા, હિંદુ ધર્મમાં એકતા અને સુહૃદભાવનો સંદેશ વિશાળ ડોમમાં બિરાજમાન ૧૫,૦૦૦ કરતાં વધુ સત્સંગીઓને આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય અતિથિ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના માનનીય સરસંઘચાલક શ્રી મોહનજી ભાગવત ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોથીપૂજન અને આરતીનો લાભ લઈને મહોત્સવનો મંગળ પ્રારંભ કરાવ્યો હતો. પોતાના ઉદ્‌બોધનમાં તેમણે જણાવ્યું કે આ વર્ષ સંઘનું પણ શતાબ્દી વર્ષ છે, તેથી "એક જુનિયર સિનિયરને મળવા આવ્યો હોય" તેવી લાગણી વ્યક્ત કરી રમૂજ શૈલીમાં વાતની શરૂઆત કરી હતી. સાથે જ તેમણે સંઘ અને સ્વામિનારાયણ સંપ્રદાય બંને હિંદુ સનાતન સંસ્કૃતિના જતન, પ્રચાર અને રાષ્ટ્રીય નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે તે વાત ઉપર ભાર મુક્યો. અને બંને સંસ્થાઓનો સર્વોત્તર સુખીના સંતુ ના મંત્ર થકી કાર્યની વાત મૂકી હતી.

સાથે જ આ મંગળ અવસરે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત ના માનનીય સંઘસંચાલક ડો.ભરતભાઈ પટેલ, શ્રી ચિંતનભાઈ સાથે વિવિધ પ્રાંતિય અધિકારીઓ પ્રચારકો ની પ્રેરક ઉપસ્થિતિ અને પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા પૂર્વ ગૃહ મંત્રી પ્રદીપસિંહ જાડેજાની ઉપસ્થિતિ રહી હતી. વધુમાં, "વંદે માતરમ" ગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરને યાદગાર બનાવતા સમગ્ર પરિસરમાં ધર્મકુળ સાથે આગેવાનો અને ૧૫,૦૦૦ હરિભક્તોએ સમૂહગાન દ્વારા રાષ્ટ્રીય ચેતનાનું અનોખું પ્રતિક રજૂ કર્યું હતું.

આ રીતે ભગવાનના પ્રાગટ્યના આ મંગળ પ્રારંભે સમગ્ર મહોત્સવને દિવ્ય, અલૌકિક અને અવિસ્મરણીય બનાવ્યો હતો.

માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી : પ્રથમ દિવસે ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી પોતાના અત્યંત વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢી આ પવિત્ર અવસર પર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રાકૃતિક

ખેતીના મહત્વ, તેના ફાયદાઓ તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ તેમણે પોતાના અનુભવ આધારિત પ્રાકૃતિક ખેતીના બોધપાઠમાંથી પ્રાપ્ત થયેલી મહત્વપૂર્ણ વાતો પણ શેર કરી હતી.

આ પ્રસંગે આજુબાજુના ગામોના ખેડૂતો તેમજ ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાંથી આવેલા ખેડૂતો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રીએ તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા, તેનું જતન કરવા અને મૂળ સનાતન શિષ્ટાચાર તરફ પાછા વળવા પ્રેરણા આપી હતી, જેથી તેઓ ખેતીમાં વધુ સુખાકારી અને સ્વસ્થ જીવન તરફ આગળ વધી શકે.

રાજકીય, સામાજિક અને વ્યવસાયિક ક્ષેત્રના : આ પ્રસંગે વિવિધ રાજકીય, સામાજિક અને વ્યવસાયિક ક્ષેત્રના આગેવાનોની ગૌરવસભર ઉપસ્થિતિ રહી હતી. જેમ કે સંઘના ક્ષેત્રિય પ્રચારક ડો. શ્રી જયંતીભાઈ ભાડેશીયા તથા વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર શ્રી પૂર્ણેશભાઈ મોદી હાજર રહ્યા હતા. ઉપરાંત, ગુજરાત રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે પદ્મશ્રી પુરસ્કાર અને પદ્મવિભૂષણ પુરસ્કાર જેવા ઉચ્ચતમ સન્માન પ્રાપ્ત કરનાર મહાનુભાવોના વિશેષ સન્માન સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં સાહિત્ય, વિજ્ઞાન અને સંગીત ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર વિભૂતિઓના પ્રેરણાદાયક વચનો પ્રાપ્ત થયા હતા, જે ઉપસ્થિત સૌ માટે પ્રેરણારૂપ બન્યા હતા. આ સાથે ભારત સરકારની રાજ્યસભાના સાંસદ સુધાંશુ ત્રિવેદીજી પણ પધાર્યા હતા, જેમણે ભારતીય જ્ઞાન પરંપરાનો ઊંડાણપૂર્વક પરિચય આપ્યો હતો.

આ મહોત્સવમાં ગુજરાત રાજ્યના પ્રદેશ અધ્યક્ષ અને જેતલપુર ધામનો મહિમા પિતૃપરંપરાથી પ્રાપ્ત કરનાર શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિ વિશેષ નોંધપાત્ર રહી હતી. ઉપરાંત, ભારતની અગ્રણી સહકારી સંસ્થા Indian Farmers Fertiliser Cooperative Limited (IFFCO) ના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીની પ્રેરક હાજરી પણ રહી હતી.

આ રીતે ગુજરાત રાજ્યના ધારાસભ્યો સહિત વિવિધ ક્ષેત્રના આગેવાનોની ઉપસ્થિતિએ આ મહોત્સવને વધુ ભવ્ય અને ગૌરવમય બનાવ્યો હતો, અને સૌને અતિથિ સત્કાર પ્રાપ્ત કરવાનો અનોખો અવસર પ્રાપ્ત થયો હતો.

સાતમા દિવસે પૂર્ણાહુતિ સત્ર : સાતમા દિવસે પૂર્ણાહુતિ સત્ર અત્યંત ભવ્ય અને ભાવભીનુ રહ્યું હતું. આ પવિત્ર અવસરે સમગ્ર ધર્મકુળની પવિત્ર ઉપસ્થિતિ સાથે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના પ્રેરણાત્મક જીવનપ્રસંગો દ્વારા ઉપસ્થિત સભામાં નવી ઉર્જા અને પ્રેરણા ભરી હતી.

આ પ્રસંગના અંતે મહોત્સવના અધ્યક્ષ પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજે દેવ પ્રત્યેની અડગ નિષ્ઠા, અખંડ ભક્તિ અને શ્રદ્ધાનું મહત્વ સમજાવી મહોત્સવ પ્રત્યે રાજીપો વ્યક્ત કર્યો હતો. સાથે જ આગામી ધોળકા મંદિર "ત્યોહાર" મહોત્સવમાં તા. ૬ થી ૧૦ જાન્યુઆરી-૨૦૨૭ સહભાગી થવા સૌને હાર્દિક આમંત્રણ પાઠવ્યું હતું.

પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પણ સત્સંગ સમાજને આધ્યાત્મિક બળ પૂરું પાડ્યું હતું અને ભક્તોને ધર્મમાર્ગે અડગ રહેવાની પ્રેરણા આપી હતી.

અંતે પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પવિત્ર મુખારવિંદથી જેતલપુરધામ મહોત્સવના સર્વ કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી. તેમણે ભક્તોને દેવ પ્રત્યેની નિષ્ઠા મજબૂત રાખવા, ભક્તિમાં અડગ રહેવા અને શિક્ષાપત્રી તથા વચનામૃતના ઉપદેશોને જીવનમાં ઉતારવા પ્રેરણા આપી હતી.


"દેવનો રાજીપો એ જ અમારો રાજીપો" — આ પવિત્ર વાક્ય સાથે આ ભવ્ય, દિવ્ય અને અકલ્પનીય સમારોહનું ગૌરવપૂર્ણ સમાપન કરવામાં આવ્યું હતું.


શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમયનું પ્રસાદી સરોવર એટલે દેવ સરોવર : જેતલપુર મંદિરના દ્વિશતાબ્દી મહોત્સવમાં "ભગવાન મળ્યા"ના પાવન અવસર દરમિયાન આ દિવ્ય દેવ સરોવર ને રંગબેરંગી સજાવટથી દુલ્હન સમાન અલંકૃત કરવામાં આવ્યું હતું. સાતેય દિવસ દરમિયાન રાત્રિના સમયે લાઈટ એન્ડ સાઉન્ડ શો તેમજ વોટર સ્ક્રીન લેઝર શોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જે ભક્તજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.



દેવસરોવરની રોશની અને આરતી ઉતારતા સંતો




महापूजन


યજ્ઞ

આ ઉપરાંત, દસ હજાર દીવડાઓ દ્વારા દેવ સરોવરનું ભવ્ય પૂજન કરવામાં આવ્યું હતું, જેનાથી સમગ્ર પરિસર આધ્યાત્મિકતા અને ભક્તિભાવથી ઝળહળી ઉઠ્યું હતું. રોજિંદા પૂજન-અર્ચન અને વિધિવત્ પૂજા દ્વારા પ્રકૃતિ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી.

આ સમગ્ર આયોજન "જળ બચાવો – રાષ્ટ્ર બચાવો" જેવા પ્રેરણાદાયક સંદેશ સાથે જોડાયેલું હતું, જે ભક્તોને પર્યાવરણ સંરક્ષણ અને જળસંચય માટે પ્રેરિત કરતું હતું.

હોમાત્મક સમૂહ મહાપૂજા : ભગવાન સ્વામિનારાયણના સમયની પરંપરાને અનુસરીને ભવ્ય હોમાત્મક સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાપૂજામાં ૮૧ કુંડી તથા પાંચ આવરણ સાથે કુલ ૧૨૫ ભૂદેવોની ઉપસ્થિતિમાં વૈદિક વિધિ મુજબ પૂજન અને હોમ કરવામાં આવતો હતો.

દરેક આવરણમાં આશરે ૨૫૦ સજોડા યજમાનો મહાપૂજાનો લાભ લેતા હતા. આ પ્રમાણે દિવસ દરમિયાન લગભગ ૧૦૦૦ જેટલા યજમાનો ભક્તિભાવથી મહાપૂજામાં ભાગ લઈને હોમમાં આહુતિ અર્પણ કરતા અને આધ્યાત્મિક શાંતિ તથા ધન્યતાનો અનુભવ કરતા હતા.

આ સમગ્ર આયોજન ભક્તિ, શ્રદ્ધા અને વૈદિક સંસ્કૃતિનું જીવંત પ્રતિક બની રહ્યું હતું, જેમાં હજારો હરિભક્તોએ ઉમંગભેર ભાગ લઈ આધ્યાત્મિક આનંદનો લાભ લીધો હતો.

વિષ્ણુયાગ : સંપ્રદાયના ઈતિહાસમાં સર્વ પ્રથમ વખત પાંચ દિવસીય વિશાળ વિષ્ણુયાગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં કુલ ૨૬૫ યજ્ઞકુંડો સ્થાપિત કરવામાં આવ્યા હતા, જે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. યજ્ઞશાળા માટે આશરે ૨૫૦ ફૂટ × ૨૫૦ ફૂટનું વિશાળ મંડપ તૈયાર કરવામાં આવ્યો હતો, જેમાં લગભગ ૯૦ ફૂટ ઊંચાઈનો ટોપ (છત) વાસ્તુશાસ્ત્ર અનુસાર કાષ્ઠ અને ઘાસથી નિર્મિત હતો.

આ યજ્ઞમાં લગભગ ૭૯૫ થી વધુ યજમાનોએ પાંચ દિવસ સુધી પૂજા અને હોમ કરવાનો પવિત્ર લાભ લીધો હતો. યજ્ઞવિધિ માટે કુલ ૨૭૫ ભૂદેવો (બ્રાહ્મણો)ની વરણી કરવામાં આવી હતી, જ્યારે લગભગ ૨૦૦ સ્વયંસેવકો યજ્ઞશાળામાં વિવિધ સેવાઓમાં જોડાયા હતા.

યજ્ઞની શરૂઆત ઋષિ અને વૈદિક પરંપરા અનુસાર અગ્નિમંથન વિધિથી કરવામાં આવી હતી, જેમાં પરંપરાગત રીતે અગ્નિ પ્રગટાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ચારેય વેદોના જ્ઞાનમાં પારંગત વિદ્વાન પંડિતો દ્વારા પાંચ દિવસ સુધી વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞમાં આહુતિઓ અર્પણ કરવામાં આવી.

વિષ્ણુયાગ અન્તર્ગત બ્રાહ્મણ બટુકોને સમૂહ યજ્ઞોપવિત આપવાનો વિધિ રાખવામાં આવેલ. ૨૦૦ થી વધુ ઋષિકુમારોએ અવસરની જીંદગી યાદ રહે તેવા મહોત્સવમાં દ્વિજની દીક્ષા પ્રાપ્ત કરી હતી.

Indian Space Research Organisation ના Space Applications Centre દ્વારા આયોજિત અવકાશ પ્રદર્શન **AVSAR** ગ્રાઉન્ડ ખાતે વિશેષ આકર્ષણ બન્યું હતું, જેમાં Vikram Sarabhai Space Exhibition મુખ્ય કેન્દ્રમાં રહ્યું હતું.

૮ મિનિટના પ્રેરણાદાયક ગુજરાતી વિડિયો દ્વારા Aryabhata થી લઈને Chandrayaan-3, Mars Orbiter Mission અને Aditya-L1 જેવા ભારતના ગૌરવપૂર્ણ મિશનોનું જીવંત પ્રસ્તુતિકરણ કરવામાં આવ્યું હતું.

પ્રદર્શન ક્ષેત્રમાં ઉપગ્રહો અને રોકેટોના આકર્ષક મોડલ્સ જેમ કે PSLV, GSLV અને LVM3 સાથે સાથે Cartosat અને RISAT જેવા ઉપગ્રહોની માહિતી રજૂ કરવામાં આવી હતી.

Gaganyaan મિશનના મોડલ્સ અને ગગનયાત્રીઓના પ્રશિક્ષણ વિષેની જાણકારી દર્શકો માટે ખાસ આકર્ષણ બની હતી, જ્યારે Vikram Sarabhaiના પ્રેરણાદાયક યોગદાન અને NavIC જેવી ટેકનોલોજી વિષે સરળ રીતે સમજાવવામાં આવ્યું હતું.

ડોમના કેન્દ્રમાં GSLV Mk III નું ઈન્ટરેક્ટિવ મોડલ 'શો-સ્ટોપર' તરીકે લોકઆકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું.

સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ભારતીય જ્ઞાન પરંપરા થકી વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો ઉત્કૃષ્ટ સમન્વય અહીં ભક્તોને અનુભવવા મળ્યો હતો.

જેતલપુર મંદિર દ્વિશતાબ્દી મહોત્સવ – ભૂમિદાન સેવા : શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના ૨૦૦ વર્ષના પાટોત્સવ નિમિત્તે, જેતલપુર ગામના સમસ્ત પરમાર પરિવારોએ અને રાજપૂત સમાજે ૩૭૩ વીઘા જમીન સેવા રૂપે



શ્રી નરનારાયણદેવ ટ્રસ્ટ બોર્ડના ટ્રસ્ટીશ્રીઓનું સન્માન


SALUTE TO
INDIAN ARMED FORCES
OPERATION SINDOOR
OPERATION SINDOOR
GSLV
MK III
ISRO
INDIA
इसरो
भारत



"અવસર" ઉત્સવના જમીનના દાતાશ્રીઓનું સન્માન

આપી. અસલાલી ગામના હરિભક્તોએ પણ પાટોત્સવ નિમિત્તે તેમની સેવા અર્પણ કરી હતી. તેમની અદ્‌ભુત સેવા બદલ સમગ્ર ધર્મકુળે રાજપૂત-પરમાર પરિવાર ઉપર રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ.ધ.ધૂ. આચાર્ય૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ.ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી, પૂ. શ્રીરાજા, પૂ. શ્રીબિંદુરાજાની વિશેષ ઉપસ્થિતિ સાત દિવસ રહી હતી.

જેમાં સવારે અને સાંજે પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દેવ પ્રત્યે નિષ્ઠા દેવ પ્રત્યેની ભાવના શ્રી રેવતી બળદેવજી મહારાજ જેતલપુરના યાદગાર પ્રસંગ અને ભક્તોમાં એકતા સંપ અને સુહદ ભાવની પ્રેરક વાતોથી સત્સંગ સમાજને આશીર્વાદ પાઠવ્યા હતા અને તેમણે કહ્યું કે બીજું આમંત્રણ આપી દઉ ધોળકા "ત્યોહાર"નું તા. ૬ જાન્યુઆરી થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૭ **"સમૈયો"**, **"અવસર"** ઉજવ્યો હતો તેવી જ રીતે **"ત્યોહાર"** ધામધૂમથી ઉજવવાનું આહ્‌વાન કહ્યું હતું.

શોર્ટ ટેલી ફિલ્મ : જેતલપુર દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન એક વિશેષ આકર્ષણરૂપ શોર્ટ ટેલી ફિલ્મનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેને ભક્તોના હૃદય પર અનોખી છાપ મૂકી હતી. આ ફિલ્મમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય અવતારથી લઈને સત્સંગના પ્રચાર-પ્રસાર માટે કરવામાં આવેલા અખૂટ પ્રયાસોનું જીવંત અને ભાવસ્પર્શી નિરૂપણ કરવામાં આવ્યું હતું. સાથે જ ધર્મકૂળની વંશાવલીની અલૌકિક, અકલ્પનીય અને અવિશ્વસનીય ગાથા પણ અત્યંત સુંદર રીતે રજૂ કરવામાં આવી હતી. આ પાવન અવસરે રજૂ થયેલી આ ફિલ્મે ભક્તોને ભક્તિમાં તલ્લીન કરી દીધા હતા અને સૌના અંતરમાં અદ્‌ભુત આધ્યાત્મિક ભાવના જગાવી હતી. આવી ભક્તિપ્રેરક અને હૃદયસ્પર્શી ફિલ્મ ભક્તો માટે સદા ચિરઃસ્મરણીય બની રહી.

અવસર પરિસરમાં સાંખ્યયોગી બહેનોના ઉતારા બનાવવામાં આવ્યા હતા. ચારસોથી વધુ સાંખ્યયોગી બહેનો સાત દિવસ સુધી રોકાયા હતા.

આ પ્રસંગે અમદાવાદ, મૂળી, ભૂજ મંદિર તથા ધામોધામના સંતો-મહંતો તથા સાંખ્યયોગી બહેનોએ અવસરમાં લ્હાવો લીધો હતો.

જેતલપુરધામ એટલે મહારાજના 'મા' ગંગામાં નું ઘર સંપ્રદાયમાં ગંગામાને કોણ ન ઓળખે! તેવા ગંગામાં અને ભક્તિમાતાનું "અવસર" પ્રસંગે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ.શ્રીરાજાએ વિધિવત રીતે ભાવ પૂજન કર્યું ત્યારે સમગ્ર મહોત્સવમાં અલૌકિકતા પ્રસરી ગઈ હતી.

શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા : મહોત્સવમાં સત્સંગિભૂષણ શાસ્ત્રની કથા રાખવામાં આવી હતી સવારે ૯ થી ૧૨ બપોરે ૩ થી ૬ બે સત્રમાં કથાનું રસપાન વિદ્વાન વક્તાઓ શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજી, શાસ્ત્રી સ્વામી દેવસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી ધર્મનંદનદાસજીએ આગવી શૈલીમાં ભક્તોને કથામૃત રસથી તરબોળ કર્યા હતા.

આ મહોત્સવમાં જુદાં-જુદાં વિભાગની ૭૨ સમિતિઓમાં ૩૦૦ જેટલા સંતો અને હરિભક્તો અને ૬૫૦૦ જેટલા સ્વયંસેવકો (બાઈઓ-ભાઈઓ) સહિતની ટીમે ખડાપગે રાત-દિવસ નિષ્ઠા પૂર્વક જવાબદારી સાથે પોતાનો અવસર જાણીને સાતદિવસ સુધી સેવાઓ કરી હતી. તેમનામાં શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજ અને ધર્મકુળની કૃપા આશીર્વાદ અખંડ રહે એવી પ્રાર્થના સહ.

પૂનમનો મહિમા વધ્યો : વિશ્વપ્રસિધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરમાં બિરાજમાન શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના પૂનમના દર્શન કરવાનો ખૂબ મહિમા છે. દરેક માસની પૂર્ણિમાએ લાખો ભક્તો દર્શન કરવા આવે છે.

આજે આટલી મોટી સંખ્યામાં ભક્તો આવતા થયા હોય તો તેનો શ્રેય પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પૂનમના જેતલપુર દર્શન કરવાની શરૂઆત કરી ત્યારથી વર્ષો વર્ષ ભક્તોની સંખ્યામાં વધારો થતો ગયો. મોટા મહારાજશ્રીની અખંડ પૂર્ણિમાને પચાસ વર્ષ વીતી ગયા છે. એકાવન વર્ષમાં પ્રવેશ થઈ ચૂક્યો છે. મોટા મહારાજશ્રીનાં દર્શન કરવા ભક્તો પણ રાહ જોતા હોય છે. (મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી - મહંતશ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ)

એપ્રોચ (બાપુનગર) નવા મહંત સ્વામીની નિયુક્તિ

શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)ના નવા મહંત સ્વામી તરીકે સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મનંદનદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમ પ્રકાશદાસજી (જેતલપુરધામ)ને નિયુક્ત કર્યા છે.

અવસર

શ્રીહરિના પ્રણેય અપર સ્વરૂપોના મુખેથી આશીર્વચન



પ.પૂ. મોટા મહારાજશ્રી (સરસંઘ સંચાલકશ્રીની ઉપસ્થિતિમાં) તા. ૫-૩-૨૦૨૬ : આદરણીય સંતો, પરમ આદરણીય ભાગવતજી તેમજ વહાલા સત્સંગી બંધુઓ, જે **'અવસર'**ની આપણે ઘણા વખતથી, ઘણા વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા તેનો આજે પ્રારંભ થઈ ગયો છે. **અવસર એટલે તક. તક ઝડપી લે એ જ માણસ સુજ્ઞ કહેવાય. આપણે સૌએ આ તક ઝડપી લેવાની છે અને આ તક ઝડપી લઈને શ્રીજી મહારાજે સ્વયં સ્વહસ્તે પધરાવેલા શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ તેનો મહિમા યથાર્થ આ ઉત્સવમાં આપણા અંતરમાં ઉતારવાનો છે એનો આ અવસર છે.**

સરસ આયોજન છે. લાલજી મહારાજશ્રીનું સરસ નેતૃત્વ છે અને મોહન ભાગવતજી જેવા આપણા વિશિષ્ટ મહેમાન છે. भागवतजी आप से और हमसे पटती है उसका कारण एक ही है। आपका ध्येय और हमारा समग्र संप्रदाय का ध्येय एक ही है, हिन्दुत्व का रक्षण करना क्योंकी स्वामिनारायण संप्रदाय शुद्ध सनातन वैदिक संप्रदाय है और आपका ये ही उद्देश है। हमारा भी ये ही उद्देश है जो आज के जमाने के संदर्भ में बहुत जरुरी है।

अपना हिन्दुत्व का रक्षण करे, अपने कल्चर का रक्षण करे और अपने संस्कार का रक्षण करे और उसमें आप की संस्था देश में और विदेश में अत्यंत Active है, ये परम गौरव की बात है। जो आज आप आपसमें उपस्थित हुअे, आप को अभिनंदन।

વિશેષ નહી કહેતા, આપણે સૌ સર્વાવતારી શ્રીહરિને પ્રાર્થના કરીએ કે ઉત્સવ દરમિયાન સ્વંય શ્રીહરિ ઉત્સવમાં સાક્ષાત્ ઉપસ્થિત રહીને આપણા સૌમાં એમનો જે યથાર્થ મહિમા છે તે વધારે દ્રઢ થાય, નરનારાયણદેવનો આશ્રય વિશેષ દ્રઢ થાય. દરેકની, સ્વામિનારાયણ સંપ્રદાયની ઉન્નતિ પ્રગતિ થાય એટલું કહીને વિરમુ છું. જય સ્વામિનારાયણ.

પ.પૂ. મહારાજશ્રી (સરસંઘ સંચાલકશ્રીની ઉપસ્થિતિમાં) તા. ૫-૩-૨૦૨૬ : आदरणीय भागवतजी, उपस्थित सर्वे संतो अने हरिभक्तो, आपका जो विज्ञान और आचरण की बात जो की है वो सुन के लगा की अपने मनका आप कह रहे है। हम लोग का कार्य ये ही है। हम ये मानते है चाहे स्वामिनारायण संप्रदाय है, चाहे संघ है, चाहे हमारा परिवार है काम एक ही है। चाहे की हम लोग का सिध्धांत, हम लोग की परंपरा, हम लोग का अखंड भारत का सपना नही है, अखंड भारत सत्य है और अभी जो भागवतजी ने कहाँ, हम तो मानते ही है, आखिर में आना पडेगा तो भारत देश में ही आना पडेगा। आपणे खूब भाग्यशाळी छीअे के भारतमां आपणे जन्म्या छीअे.



और आप जो कल तीन पेढी का कहाँ, उस में गर्व होता है, हम पर्सनल व्यक्तिगत अनुभव कह रहे है, तमे બધા साक्षी छो, सब लोग साक्षी है क्यु की विदेश से काफी लोग आये है। आज से पच्चीस साल पहले विदेशमें जाते थे, कही हम लोग को देख लिया, कहते थे देशी आया। कही प्याज लसुन नही खाया, Vegetarian (शाकाहारी) खाया, दारु नही पीया तो कह देते, ये नही करते ? आज गर्व से बाहर जाते है, एक एक भारतीय नागरिकका सन्मान होता है। वो सन्मान के पीछे अगर सबसे बड़ा बलिदान, सबसे बडी जागृति, सबसे बड़ा उत्थान जो किया है वो भागवतजी ने किया है। उसके नेतृत्व में हमारा संघ परिवार है। उसने जो कार्य किया है ये सब देख रहे है, तब नही देख रहे थे। तीन पेढी से चल रहा है। सबने अपना अपना कार्य किया है। सबने अपना त्याग, अपना बलिदान, योगदान और समय दिया है। अपनी बुद्धि, अपना देह सबका उपयोग करके सबसे अच्छा त्याग किया है। आज हम देशमें विदेश में गर्व से चल सकते है ये परिस्थिति है जो आज हम को गर्वान्वित कर रही है।

ये जो हमारी परंपरा, हमारी समरसता, हमारा देश, हमारी उन्नति, और विश्वशांति और विश्वशक्ति तरीके से जो खडे रहे है, उससे भारतीय नागरिक और उसमे कि हुयी जागरुकता ये हमारे धर्म से हो रही है। धर्म तो एक ही होता है। आचरन की जो बात की वो भी बड़ी बात है लेकिन एक बात हम भी कहेंगे की कृष्ण भगवानने कहाँ, यदा यदा ही धर्मस्य ग्लानिर्भवति भारत... तो कभी भगवान कुछ सीधा करने को भी आते है। इसलिये ये सब लोग को, आप लोग को भेज दिया जाता है। आप लोग इस लिये आये है। सब लोग किसी ने किसी उद्देश्य से आते है, हम तो ये मानते है और ये उद्देश्य खोजना, ये हमारा दायित्व होता है। अपना सिध्धांत और परंपरा न गवाई जाय और उसको संस्कार के साथ जोडके हमारा दायित्व निभाया जाय ये सब से बडा धर्म है।

पीछली बार भूज में मिले थे, तब कहा था कि अहमदाबाद जरुर आयेगे। अब अगली बार छपैया आना है और हम को पत्ता है भागवतजी कहते है तो आते ही है। तो આપણા બધા सत्संगीओ वती ભાગવતજીનને खूब खूब અભિનંદન. પ્રારંભમાં ઉદ્‌ઘાટનના દિવસે આપ ઉપસ્થિત રહ્યા. પ્રદિપસિંહ બાપુ છે, ચુડાસમા સાહેબ છે, ડૉકટર સાહેબ છે, બાબુભાઈ તમે આવ્યા છો આપ સૌને ધન્યવાદ. આપ સૌ પરિવારના છો. પરિવારના હોય તો જ આવે નહી તો નહી તો નહી આવે, બિના मन कही जाना, बहोत महेनत करनी पडती है और उसमे कुछ अच्छा कार्य नही होता। नही आने के लिये हजार बाना मिल ही जाता है, हम लोग बहुत व्यस्त है। खूब खूब धन्यवाद.

प.पू. मोटा महाराजश्री (महामहिम राज्यपालश्रीनी उपस्थितिमां) ता. ५-३-२०२६ : પરમ આદરણીય મહામહિમશ્રી રાજ્યપાલશ્રી, આરદણીય સંત ગણ એવમ્ સત્સંગી બંધુઓ, આજ इस शुभ ''अवसर'' पर स्वामिनारायण संप्रदाय की ओर से और हमारे परिवार की ओर से आपका यहाँ पर हम बहुत प्रेम से स्वागत करते है। भगवान स्वामिनारायण ने स्वयं जिस नव मंदिरो की स्थापना की उस पैकी का एक जेतलपुर मंदिर है। दोसो साल हो गये। संप्रदाय के द्वारा अनेक विध सामाजिक प्रवृतिया और लोकहित के कार्य भी चल रहे है, उससे आप सुपरिचित है। उस अवसर पर आप की उपस्थितिने चार चांद लगा दिया है। तो फिर से दुबारा खूब खूब धन्यवाद. जय स्वामिनरायण.

प.पू. मोटा महाराजश्री (પદ્મ વિભૂષિત महेमानोनी उपस्थितिमां) ता. ९-३-२०२६ : આદરણીય સંતો અને પદમ્ વિભૂષિત આપણા માનવંતા મહેમાનો અને વહાલા સત્સંગી બંધુઓ, આજે ખરેખર ખૂબ આનંદ થયો છે. સ્વામીએ કહ્યું ને આશીર્વાદ પણ આશીર્વાદ તો લેવા જેવી વ્યક્તિઓ છે આ બધી (શ્રીહરિના અપર સ્વરૂપમાં જ નિર્માનીપણાની આવી પરાકાષ્ઠા સંભવે !) એમાંથી બે ત્રણ જણ નો તો મારે નજીકથી પરિચય છે. જો કે શાહબુદિનભાઈને હું ૫૫ વર્ષ પછી મળ્યો. ૫૦-૫૫ વર્ષ પહેલા એમના ગામમાં ગયેલો. શોભાયાત્રા નીકળેલી એમાં પોતે નીચે ઉભા હતા.



કોઈકે ઓળખાણ કરાવેલી કે આ શાહબુદિનભાઈ છે. ત્યારે એમના થાન ગામમાં એમની મુલાકાત થયેલી. ફેક ન્યુઝ સાંભળીને કે યુધ્ધના સમાચાર સાંભળીને એવા કોઈ પ્રસંગે જ્યારે જ્યારે મૂડ બગડે ને મારો ત્યારે હું યુ-ટ્યુબમાંથી એની ચેનલ ચાલુ કરું એટલે મૂડ સરસ થઈ જાય.

ભીખુદાનભાઈ ગઢવીની વાત કરીએ તો પૂ. બાપુજીને સાહિત્યનો એટલો બધો શોખ હતો, મોટા મોટા ગઢવીઓ એમની પાસે આવતા હતા અને લીંબડીના શંકરદાન ગઢવી તેમના ખાસ માનીતા હતા. **બાપુજી પોતે પણ ખૂબ સારી રચનાઓ કરતા હતા.** એ સમયમાં મોટા મોટા કવિઓના સંપર્કમાં આવવાનું થતું અને **ચારણી સાહિત્ય પ્રત્યેનું આકર્ષણ તો જો કે આપણા સંપ્રદાયમાં બ્રહ્માનંદ સ્વામીથી એની શરૂઆત થઈ છે અને એ અત્યાર સુધી જળવાઈ રહ્યું છે.** તો એમને મળીને ખૂબ આનંદ થયો.

રઘુવીરભાઈની વાત કરું તો જ્યારે હું સેંટ ઝેવિયર્સ કોલેજમાં ભણતો હતો ત્યારે હિન્દીના ટીચર પ્રોફેસર બીમાર પડેલા એના બદલામાં હિન્દીનો પિરિયડ લેવા રઘુવીરભાઈ આવેલા. એ વખતે યુવાન હતા. મને એટલું બધુ આશ્ચર્ય થયેલું, અહોભાવ થયો તેમની ભાષા માટે અને વિદ્વતા માટે કારણ કે તેઓ માણેકપુરના ચૌધરી પોતે ગુજરાતી તેમ છતાં આટલું સરસ હિન્દી! એટલે એ પણ જાણીતા છે.

મહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી કે જે જેવા ગુણે કરીને યુક્ત હોય તેનું તેવી રીતે સન્માન કરવું પણ સમદ્રષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહી. તો એ કલમને ધ્યાનમાં રાખીને આપણા સંપ્રદાય તરફથી એમનું સન્માન કર્યું છે એ અતિ ઉચિત છે.

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરીએ કે આપણને ભારત દેશને આવા ગુણીજનો ખૂબ પ્રાપ્ત થાય અને એમનું સન્માન સરકાર દ્વારા સમયોચિત થતું રહે. એટલું કહી સૌને ખૂબ ધન્યવાદ સાથે વિરમુ છું.

પ.પૂ. મહારાજશ્રી : (પદ્મ વિભૂષિત મહેમાનોની ઉપસ્થિતિમાં) તા. ૬-૩-૨૦૨૬ : હમણા જ મોટા બાપજીએ વાત કરી, વિશેષ કંઈ કહેવું નથી પણ આપના સૌના દર્શન કરીને એક વાત ચોક્કસ કહીશ કે, **એક હેરિટેજ, આપણી પરંપરા, આપણા સિધ્ધાંતો, એક માનવતા અને સમાજને અદ્રશ્ય રીતે બદલી અને જે યોગદાન આપે આપ્યું છે એના માટે હું માનું છું કે સરકારે જે સન્માન કર્યું છે એ ઓછું છે** એટલું હું માનું છું. આપ સર્વે લોકોના હૃદયમાં છો અને એક વસ્તુ ખાસ ઘણીવાર કહું છું કે **દિવાલે ટીંગાયા કરતા કોઈના દિલમાં ટીંગાવુ હારુ. કેમ કે દિવાલેથી ઉતારી નાખે, દિલમાંથી ઉતારવો અઘરો પડે.** અને આપ સર્વેએ તો દેશ વિદેશમાં એટલા બધા હજારો લાખો લોકોના હૃદયમાં રહીને સ્પર્શીને જે યોગદાન આપ્યું છે એના માટે મારી પાસે શબ્દો નથી. હું નાનો પડું. આપ પધાર્યા, ધન્યવાદ.

આપે જે કરેલું યોગદાન હંમેશને માટે કાયમ રહે અને એમાં કોઈપણ **આપણી પરંપરા છે, આપણા સિધ્ધાંતો છે. જે સાહિત્ય છે. આપણી પાસે જે ધરોહર છે. આપણી પાસે જે સંસ્કૃતિ છે એ બીજા પાસે નથી.** અને આપ સૌનું જે યોગદાન છે, ચાહે એ કળા હોય, સાહિત્યમાં હોય કે ચાહે એ ઓર્ગન ડોનેશન હોય એમાં આપે જે કાર્ય કર્યું છે એ માટે બાપજીએ કહ્યું તેમ હું પણ હાથ જોડું છું. પ્રણામ, થેન્કયુ, ધન્યવાદ.

પ.પૂ. મોટા મહારાજશ્રી (વેષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજજી મહારાજ દોશીવાડાની પોળની ઉપસ્થિતિમાં) તા. ૭-૩-૨૦૨૬ : પરમ શ્રધ્ધેય વૈષ્ણાવાચાર્ય મહારાજશ્રી, આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, આજે પોતે પધારીને આપણા ઉત્સવની શોભામાં અભિવૃધ્ધિ કરી એ બદલ ખૂબ ધન્યવાદ એમને. એમણે પોતે વાત કરીને સંબંધો વ્યક્ત કર્યા તો





ઘણા બધા દ્રષ્ટાંતો છે, એકાદ-બેની વાત કરીશ. મારા પિતાશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ગાદી ઉપર આરૂઢ થયા ત્યારે એમની ઉંમર ૧૩ વર્ષની હતી. ત્યારે એમના દાદા પોતે બહુ નાની ઉંમરના હતા અને એ વખતે આપણા કાલુપુર મંદિરના સભામંડપમાં તેઓની ઉપસ્થિત હતી. એના ફોટા પણ મારી પાસે છે.

બીજું દ્રષ્ટાંત આપું. જ્યારે પૂ. બાપુજીનો રજત જયંતી મહોત્સવ હતો, આજથી ૬૪ વર્ષ પહેલા, ૧૯૬૨ માં ત્યારે એમના દાદા એમના (વ્રજરાજજી મહારાજશ્રીના) પિતાશ્રીને લઈને આવેલા. બહુ નાના હતા. ઉંમરમાં ત્યારે, એ વખતો અમદાવાદ મંદિરના સભામંડપમાં ખુરશી મુકવાની રહી ગયેલી પછી બાપુજીએ શું કહ્યું ? એમને લઈને અહીં લાવો મારી પાસે. પછી બાપુજીએ એમના પિતાશ્રીને ખોળામાં બેસાડ્યા અમદાવાદ મંદિરના સભા મંડપમાં. એના ફોટા પણ મારી પાસે છે. તો આવો નિકટનો સંબંધ છે.

કૃષ્ણ ભક્તિ તો આપણા સંપ્રદાયના પાયામાં રહેલી છે. શિક્ષાપત્રીની શરૂઆત કૃષ્ણથી થાય છે. સમાપ્તિ કૃષ્ણ ભગવાનની પ્રાર્થનાથી થાય છે અને વચ્ચે પણ. **શિક્ષાપત્રીના પાના ફેરવો અને નોંધ કરતા જાવ તો ખ્યાલ આવે કે કેટલી વાર કૃષ્ણ શબ્દ આવ્યો છે. એટલે ઓતપ્રોત છે આ બધુ. નંદસંતોએ પણ કૃષ્ણ ભગવાનને ઉદ્દેશીને અસંખ્ય કીર્તનો લખ્યા છે.** તો અનુગ્રહ કરીને આપણી સભામાં પધાર્યા એ માટે ફરી એકવાર ધન્યવાદ. આ સંબંધ પછીની પેઢીમાં પણ ચાલુ રહે એવી શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

પ.પૂ. મોટા મહારાજશ્રી (મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં) તા. ૧૧-૩-૨૦૨૬ : આદરણીય સંતો, આપણા લાડીલા મુખ્યમંત્રીશ્રી, વહાલા સત્સંગી બંધુઓ, આજે આ અલૌકિક ઉત્સવમાં આપણે આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રીનું ખૂબ ભાવભીનું સ્વાગત કરીએ છીએ. તેઓ આપણા સંપ્રદાય સાથે અને અમારા કુટુંબ સાથે નિકટના પરિચયમાં છે. મુખ્યમંત્રી બન્યા એ અગાઉ બે મહિના પહેલા તેઓ મ્યુઝિયમમાં આવેલા. મારી સાથે કલાક બેઠા હતા અને અમે ચાય પે ચર્ચા કરી હતી તો આપણને આજે આવા મુખ્યમંત્રી મળ્યા છે.

અને હું તો દ્રઢપણે માનું છું કે રાજકારણમાં જ્યારે ધર્મ ભળે છે ને ત્યારે રાજકરણ બહુ શોભી ઉઠે છે. આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી અત્યારે એજ કરી રહ્યા છે. ધર્મને આગળ રાખીને રાજ ચલાવે છે. એટલે એમને તો મેં એકવાર કહ્યું હતું કે તમારા તો દુશ્મનો પણ વખાણ કરે છે. ભલે અંદરથી, પણ વખાણ કરતા જ હોય છે. **બ્રહ્માનંદ સ્વામીનું એક કીર્તન છે ને સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે.... એજ પંક્તિઓ મેં મોદી સાહેબને કહી હતી. એટલે રાજકારણમાં જ્યારે ધર્મને સાથે રાખીને ચાલે ત્યારે રાજકારણ દીપી ઉઠે છે અને જ્યારે ધર્મમાં રાજકારણ આવે છે ત્યારે બહુ અધોગતિને પામે છે.** તો ફરી એકવાર સ્વાગત સાથે શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના કરીએ કે પોતે ઘણા સમયથી આપણા રાજ્યનું નેતૃત્વ કરી રહ્યા છે અને હજુ પણ વિશેષ નેતૃત્વ કરે અને ગુજરાતની જનતાને ખૂબ સુખી કરે અને શ્રીજી મહારાજ એમના પરિવાર પર ખૂબ રાજી રહે એટલું કહી વિરમું છું.

પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૧૧-૩-૨૦૨૬ : ઘણો સમય વિતી ગયો છે .મારે આ ઉત્સવના સારરૂપ એક જ વાત કરવી છે. એક દ્રષ્ટાંત આપીશ. મહારાજ વખતની વાત છે કે ભૂજમાં જગજીવન મહેતા કે જે સંપ્રદાયનો અને મહારાજનો દ્વેષી હતો અને ત્યાંના જે આર્મીના ચીફ ફતેમહમદ હતા એ એના મિત્ર હતા એટલે જગજીવને ફતેમહમદને કહ્યું કે મારું એક કામ કરશો તમે ? આ સ્વામિનારાયણને જેલમાં પૂરી દો. એટલે ફતેમહમદે શું કહ્યું એ સાંભળવા જેવી વાત છે. એ કહે, **હું રોજ ઘોડા ઉપર રાત્રે વહેલી સવારે નગર ચર્યા જોવા નીકળું છું ત્યારે તમારા એ સ્વામિનારાયણ વહેલી સવારે હમીરસરમાં સ્નાન કરવા જતા હોય છે ત્યારે એમની અને મારી દ્રષ્ટિ મળે છે. એ સમયે મને એમા પરમાત્માના દર્શન થાય છે.** તો હું તો આ સંપ્રદાયનો નથી, બીજા ધર્મનો છું તેમ છતાં નિશ્ચય થયો છે અને તમે તો એ સંપ્રદાયના છો. હિન્દુ છો, તમને ખબર નથી પડતી ? આ વાત આપણે બધાએ સમજવા જેવી છે.

આપણને મહારાજે અમદાવાદ અને જેતલપુર એ બે પવિત્ર મહાન તીર્થ સોંપેલા છે. આપણે ક્યાંય બહાર શોધવા જવાની જરૂર નથી. હું તો દર પૂનમે આવું જ છું પણ અહીંયા ઉત્સવમાં ઉપસ્થિત સર્વે સત્સંગીજનો જેઓ અમદાવાદમાં રહેતા હોય અને નરનારાયણદેવની પૂનમ ભરતા હોય એમણે આજે

નિયમ લેવો જોઈએ કે નરનારાયણદેવનું દર્શન કરીને જેતલપુર પણ અવશ્ય દર્શન કરવા આવવું. તો આ ઉત્સવની આપણને સૌને સાચી ફળશ્રુતિ મળશે. આપણને જે પ્રાપ્તિ થઈ હોય એના મહિમાની આપણને જ ઘણીવાર ખબર હોતી નથી. એટલે બીજે શોધવા જઈએ છીએ.

અમદાવાદના એક હરિભક્ત હતા. નરનારાયણદેવની પાંચેય આરતીના દર્શન કરે અને તો પણ ખેરાલુના બાપુ પાસે ફૂંક મરાવવા ગયા હતા પાણી લઈને, એટલે આવા પણ હોય છે. માટે **આપણને જે પ્રાપ્તિ થઈ છે એનો મહિમા સમજવો એ જ આ ઉત્સવની ફળશ્રુતિ છે.**

આ ઉત્સવનું લાલજી મહારાજશ્રીએ જે સફળ નેતૃત્વ કર્યું, જે સંતોએ ખૂબ જ પરિશ્રમ કરીને આવું આયોજન કર્યું, જે દાતાઓએ પોતાનું યોગદાન આપ્યુ, જે ખેડૂતોએ પોતાની જમીન આપી, કેટકેટલા નામ દઈએ આપણે ? સર્વેને ખૂબ ખૂબ ધન્યવાદ છે. નરનારાયણદેવની છત્રછાયામાં અનેકાનેક ઉત્સવો થતા રહે એવી શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૧૧-૩-૨૦૨૬ : સૌ પ્રથમ તો અનેક ગામડાઓથી, દેશથી વિદેશથી આટલી મોટી સંખ્યામાં છેલ્લા સાત-સાત દિવસથી જે હરિભક્તો ઉપસ્થિત રહ્યા અને જે જે હરિભક્તોએ આ ઉત્સવમાં ભાગ લીધો એ બધાને ખૂબ ખૂબ ધન્યવાદ છે. કારણ કે હરિભક્તો થકી આવા મોટા ઉત્સવ સમૈયા થાય છે અને આટલી ગરમીમાં અહીંયા બેસવું, દૂર દૂરથી આવવું એ કોઈ નાની વસ્તુ નથી. તન મન ધનથી દરેક હરિભક્તોએ સેવા કરી છે. સમયનું યોગદાન આપ્યું છે. છેલ્લા સાત-સાત દિવસથી લાખોની સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા છે.

રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો મહિમા જેટલો કહીએ તેટલો ઓછો છે. સમસ્ત સ્વામિનારાયણ સંપ્રદાયમાં કોઈપણ એવો હરિભક્ત નહી હોય જે એવું કહી શકે કે મેં રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પૂનમ ભરી અને મારો કોઈ સંકલ્પ પૂરો ન થયો એવું કોઈ નથી. કારણ કે રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ સાક્ષાત્ અહીં રહીને દરેક હરિભક્તોના સંકલ્પ પૂરા કરે છે. અને બીજા જેઓ આ સંપ્રદાય સાથે જોડાયેલ । નથી તેઓ પણ આ **"અવસર"** મા જોડાયા છે કારણ કે તેઓને પણ દેવ સાથેની અને મંદિર સાથેની લાગણી છે ત્યારે જઈને આટલો સમુદાય આજે એકત્રિત થયો છે.

ખાસ કરીને ધન્યવાદ આપીશ બધા સંતોને, કારણ કે સમૈયો ચાલતો હતો ત્યારે જ સંતોએ બધાએ ભેગા જોડાઈને આ ઉત્સવનું સરસ પ્લાનીંગ કર્યું છે. અમદાવાદથી ઘણું દૂર થઈ જતું હતું એટલે અમે તો દરરોજ આવી શકતા નહોતા તો પણ અહીંના દરેક સંતોએ ખૂબ જીણવટપૂર્વક દેખરેખ રાખીને હરિભક્તોની નાની મોટી દરેક સુવિધા, સાંખ્યયોગી બહેનોની અને સંતોની સુવિધા ખૂબ સરસ રીતે અહીંયા કરવામાં આવી છે.

આપણે કોના છીએ અને કોના થઈને રહેવાનું છે એ કાયમ આપે યાદ રાખવાનું છે. **નરનારાયણદેવના થઈને રહેવાનું છે. ભગવાન થકી આપણું અસ્તિત્વ છે.**

અવસર શરૂ થયો એ પહેલા સ્વયંસેવકોની મિટિંગમાં મેં વાત કરી હતી કે **આપણા લલાટમાં તિલક ચાંદલો હોય, અવસરમાં સ્વયંસેવકનું ટી-શર્ટ પહેર્યું હોય, આઈકાર્ડ હોય ત્યારે આપણે કોઈ વ્યક્તિ નથી રહેતા. આપણે સંસ્થાના પ્રતિનિધિ તરીકે એ જગ્યાએ ઉભા રહીએ છીએ. ત્યારે આપણો વ્યવહાર, બોલવાનું, ચાલવાનું, નાની નાની વસ્તુમાં વિવેક રાખવો એ બહુ જરૂરી છે.** દરેક સ્વયંસેવકોએ ખૂબ સેવા કરી છે. છતાં ઘણા બધા ઈન્સિડન્ટ (ઘટના કે બનાવ) ધ્યાનમાં આવ્યા છે અને અહીંયા હરિભક્તો બેઠા છે એ બધા ઘરના છે એટલે ખાસ તો કહેવા માગીશ કે એ ધ્યાન હજુ વધારે રાખવાની જરૂર છે. જ્યારે ટીશર્ટ પહેર્યું હોય, આઈકાર્ડ પહેર્યું હોય ત્યારે વાતમાં, વ્યવહારમાં અવિવેક થાય એ વસ્તુ યોગ્ય નથી. કોઈ એક-બે વ્યક્તિ માટે નથી કહેતો, દરેક માટે, અમારા ઉપર પણ એ વસ્તુ લાગુ પડે છે એટલે ખાસ ધ્યાન રાખવાનું કે આપણે કઈ રીતે ભગવાનનું પ્રતિનિધિત્વ કરીએ છીએ, સંસ્થાનું પ્રતિનિધિત્વ કરીએ છીએ. કારણ કે **જે છે એ બધુ દેવનું છે. આ સંસ્થા દેવની છે. એ વિવેક ખાસ ક્યારેય ભૂલવો નહી.**

ખૂબ આનંદ થયો. છેલ્લા સાત-સાત દિવસથી **'અવસર'** વખતે ઘણા બધા કાર્યક્રમો ઉજવાયા અને એ પહેલા પણ **'અવસર'** ના ઉપલક્ષમાં ઘણા કાર્યક્રમો થયા.





જોતજોતામાં બે ઉત્સવો પૂરો થઈ ગયા. **"સમૈયો"** ક્યાં પૂરો થયો અને આજે **'અવસર'** ની પણ પૂર્ણાહુતિ કરવા જઈ રહ્યા છીએ ત્યારે ફરી એક બીજું આમંત્રણ આપી દઉ ધોળકા **"ત્યોહાર"**નું. મીડિયા ટીમને વિનંતી કરું. **"ત્યોહાર"**નો લોગો સ્ક્રીન પર પ્રસ્તુત કરો. ૬ થી ૧૦ જાન્યુઆરી-૨૦૨૭ આયોજન કરવાનું છે. જે રીતે **"સમૈયો"** ઉજવ્યો અને **"અવસર"** ઉજવ્યો એવી જ રીતે ધોળકાનો મહિમા દેશમાં દુનિયામાં ગામડે ગામડે **મોરલીમનોહરદેવ સ્વામિનારાયણ ભગવાને પ્રસ્થાપિત કરેલા છે. એ દેવનો મહિમા દરેક લોકો સુધી પહોંચે એ માટે ૬ થી ૧૦ જાન્યુઆરી પાંચ દિવસનો "ત્યોહાર" ધોળકા મંદિર ના સાંનિધ્યમાં ખૂબ ભવ્યાતિભવ્ય રીતે ઉજવવાનો છે. જે માટે અત્યારથી બધાએ જોડાઈ જવાનું છે. એવો ખાસ અમારો આગ્રહ છે.** **"અવસર"**ની પૂર્ણાહુતિ કરીને બે દિવસમાં જ જગ્યાનો સર્વે કરવા અમે અને મહારાજશ્રી જવાના છીએ. એટલે જગ્યા ફિક્સ થઈ જશે. અહીંના, બહારગામના, વિદેશથી આવ્યા છે એ બધાએ આ **"ત્યોહાર"** માટે અત્યારથી જરૂરથી બધાએ જોડાવાનું છે.

આજના **અવસરે** મહારાજને પ્રાર્થના કરીએ કે આપણને બધાને ભગવાનથી નજીક જોડાવાનું બળ આપે, રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો મહિમા આપણા જીવનમાં દિવસે ને દિવસે વધતો રહે, ખૂબ રાજીપો આપે, સત્સંગ કરવાનું બળ આપે અને ખૂબ સુખિયા કરે એવી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના અને નરનારાયણદેવના ચરણોમાં આજના પવિત્ર દિવસે પ્રાર્થના.

પ.પૂ. મહારાજશ્રી તા. ૧૧-૩-૨૦૨૬ : બળદેવજી દાદાના ચરણોમાં, એમના સાંનિધ્યમાં, એમની દેખરેખમાં, એમની અમીદ્રષ્ટિમાં આજે **અવસર** આવ્યો છે એને આપ સૌએ માણ્યો, મેં પહેલા ઘણી વખત કીધું છે, ઘણીવાર બાપજી નથી હોતા ત્યારે કહ્યું છે પણ આજે બાપજી બેઠા છે ત્યારે ફરી એકવાર રીપીટ કરીશ. માણસનો સ્વભાવ હોય છે, ચિંતાએ થાય, ઉદ્વેગ આવે, રાજીએ થઈએ, દુઃખી થઈએ, બધું થાય. એક વસ્તુ યાદ આવી એટલે કહું છું, લાલજી મહારાજશ્રીથી ઓછી ઉંમરનો હતો, ૧૭ વર્ષનો હતો. હજુ યાદ છે. કંઈક થયું હશે, મોટા બાપજી પાસે ગયો, પહેલેથી સ્વભાવ આવો જ હતો. ખબર નહી મોટા બાપજીને યાદ છે કે નહી. અસારવા છોડીને મેમનગર નવું નવું બન્યુ હતું. એટલે ત્યાં રહેવા ગયા હતા. ડ્રેસીંગ રૂમની અંદર બાપજી બેઠા હતા. સંપ્રદાયને લગતી જ વાત હતી. ખીજ ચડી હશે એટલે મેં બાપજીને કહ્યું, આવું તો ચાલે જ કેમ ? આમ છે ને તેમ છે. ઘણું કીધું હશે. બાપજી તો એમની મસ્તીમાં જ રહે. આમ તો બાપજીનો સ્વભાવ પાછો એવો છે કે બોમ્બ ફાટે પછી તમે કંટ્રોલ ના કરી શકો. જેને અનુભવ થયો હશે એને ખબર છે. હું તો કદાચ એટમ બોમ્બ ફોડું પણ એ તો હાઈડ્રોજન બોમ્બ છે પછી એનું રીવર્સલ નથી. આ તો જેને ખબર ના હોય એને ખ્યાલ આવવો જોઈએ. પણ એ વખતે મોટા બાપજીએ કહ્યું, બહુ માથાકૂટ કરવી નહી. **સત્સંગ વધે છે, ઘટે છે એ ભગવાનની ઈચ્છાએ કરીને થાય છે.** એ વખતે તો હું દાંત કચકચાવીને બહાર નીકળી ગયો. મેં કીધું. આય હાંભળવાનું બાકી રહ્યું હતું એટલે હવે આપણે શું કરવાનું ? પણ એ પછી જ્યારથી સમજણા થયા ત્યારથી કોઈ બ્લડ પ્રેસર આવ્યું નથી અને આજેય નથી. મેચ્યોરીટી તો ધીમે ધીમે આવે ને ? જન્મતાજ સીધો મેચ્યોર થઈ જાય તો લોચો પડી જાય. તમે ખોળામાં લઈને ફરો કોને ? એટલે એ ૧૦-૧૨ વર્ષ પછી સમજણ પડી કે હાચું છે. ખોટું લોકોનું વજન લઈને ફરીએ છીએ આપણે. **આ દુનિયામાં ભગવાન કર્તા હર્તા છે એ મહારાજે પોતે કીધું છે.** એને સમજતા મને ૨૫-૩૦ વર્ષ થયા હશે. આ હું ચોખ્ખું કહું છું, સ્પષ્ટ કહું છું અને તાકાત હોવી જોઈએ સાચું કહેવાની, એમાં કોઈ ખોટી વસ્તુ નથી. **આપણે દેવનો મહિમા કહીએ છીએ પણ યથાવત દેવનો મહિમા શું છે એ સમજતા તો આપણને જન્મ નીકળી જાય.** આ સ્વામિનારાયણ ભગવાન શું ? કેમ ? આજે નાનામાં નાના હરિભક્તો હોય, સંતો હોય કે આચાર્ય પદ હોય ગમે તે હોય, ઈન જનરલ ભગવાનનો ભક્ત શબ્દ જ વાપર્યો છે મહારાજે, એનો મહિમા શું એને સમજતા આયુષ્ય વિતી જાય છે અને એ મહિમાની અંદર જરીક જતા પરસન્ટેજ વાઈઝ 0.5 કે 0.05 કે 0.00005 એટલા વધતા જાય એના માટેના આપણા આ પગલા છે. આપણો આ પર્વ થયો, સમૈયો થયો. **અવસર** આવ્યો અને **ત્યોહાર** આવશે અને બીજું ઘણું થશે. લાલજી મહારાજશ્રીએ વાત કરી એના પછી છપૈયા આવશે. મોટા પાયે ભૂકા બોલાવી નાંખવાના ઓહો...હો....હો.... **મહારાજે ૧૦-૧૦ ધામ આપ્યા છે આપણા સંપ્રદાયને. અમદાવાદ દેશને છ ધામ આપ્યા છે. છ ધામ આપણી પાસે છે. છતું છપૈયા અને સાતમું મોટા બાપજી બેસે છે એ મ્યુઝિયમ છે. બહુ હકીકત છે આ.**

હમણા બાપજીએ વાત કરીને, **આપણે બહુ છેટે છેટે ખોળવા જઈએ છીએ. બહુ દૂર જઈએ છીએ શોધવા પણ અડીને બેઠું છે અહીં જ અને જવું બહુ દૂર હોય છે** અને હું તો ખુલ્લું કહું છું કે આપણે પર્યટન માટે જઈએ છીએ, યાત્રા માટે નથી જતા. **ભગવાન શોધવાના હોય તો અહીંયા (હૃદયમાં) શોધવાના છે, ઘરમાં શોધવાના છે અને મંદિરમાં જઈને એની અનૂભૂતિ કરવાની છે.**

પહેલા દિવસે મેં કીધું હતું પણ મોટા મોટા માણસો હોય એટલે ઓછું કીધું હતું પણ હકીકતમાં **જે સમય કાઢીને આજે એક એક હરિભક્ત તમે બધા આવ્યા છો. ટિકિટના પૈસા ખર્ચીને અને પાછા ડોનેશન આપે. મને તો આમા ગેર ફસાય જાય છે. આ કેવી રીતે શક્ય બને છે ? આ મહિમા કેવો તમે જાણ્યો હશે ! આ અદ્‌ભુત વાત છે.** આજે ૨૦૨૬ માં શક્ય છે આ વાત ? ને એવુંય નથી કે આમાં કંઈક અમુક બીજી જગ્યા હોય કે કોક આ ગુરુ ને ફલાણા ગુરુ આશીર્વાદ આપશે. તમે તો ફક્ત રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજને રાજી કરવા માટે કરો છો. તમને નમસ્કાર કરો કે દંડવત કરો એ ઓછા પડે. આ વખાણ કરવા નથી કહેતો. લાલજી મહારાજશ્રી ને અમે બેઠા હતા, વાત કરતા હતા. ભાઈઓ-બહેનો, દીકરા-દીકરીઓ આ તાપની અંદર જ્યાં નાનો છાયો મળે ત્યાં બેઠા હોય છે. આ ત્યાગ કોઈ સામાન્ય ત્યાગ નથી. ધન્યવાદ છે આપ સૌ હરિભક્તોને. હકીકતમાં મને અંદરથી ઘણીવાર એમ થાય કે કઈ ટાઈપનો આ ત્યાગ છે ! મહારાજનો કેટલો મહિમા છે ! હકીકતની અંદર ગુણબુધ્ધિ રાખીએ તો દુનિયામાં શું ના થાય ? **આનાથી મોટો સતયુગ આ દુનિયામાં છે જ નહિ.** કેમ કે છેડો ક્યાંય આવતો નથી.

હમણા સ્વામીએ કીધું, આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા, આચાર્ય મહારાજની આજ્ઞા છે જ નહિ.

ये पालयन्ति मनुजाः
सच्छास्त्रप्रतिपादितान् ।
सदाचारन् सदा तेऽत्र परत्र च
महासुखाः ॥

જે પાળે છે તે આ લોકને વિષે ને પરલોકને વિષે મહાસુખિયા થાય છે.**આ શિક્ષાપત્રીનું પાલન કરશે એને મહાસુખ આપીશું**

तानुल्लङ्घ्यात्र
वर्तन्ते ये तु स्वैरं
कुबुद्धयः ।
त इहामुत्र च
महाक्लेशभन्ते
कष्टमेव हि ॥

અ । ૬ । । નહી પાળે તો અમારે લેવા દેવા નથી. આજ્ઞાનું ઉલ્લંઘન કરશે એ મહાકષ્ટને પામશે.

પોતાના મનમાં આવે તેમ વર્તે તેને કુબુદ્ધિવાળા કીધા. મારી આજ્ઞા ક્યાંથી આવી આમાં ? **મહારાજની લખેલી શિક્ષાપત્રી છે. મારેય એમાં રહેવાનું છે, સંતોએ એમા રહેવાનું છે અને તમારે એમા રહેવાનું છે. કોઈ આનાથી બાકાત નથી જે નહી પાળે એ દુઃખી થશે.** આમા રીલ કે છાપા જોવાની જરૂર નથી. આ તો વાસ્તવિકતા છે. હકીકતની અંદર અને આ દુનિયાની અંદર હું જે માનું છું કે **મહારાજ જેટલા દયાળુ છે એટલા મહારાજ ખમતા પણ નથી. ચલાવી પણ નથી લેતા. ઉપર અક્ષરધામની ચિંતા કરવી નથી પડતી, જે હોય એ સીધો જ હિસાબ નરનારાયણદેવ અહીંયા કરે છે. મેં જોયો છે, પ્રત્યક્ષ દાખલો છે. મોટા બાપજી ના મુખેથી પણ વાતો સાંભળેલી છે. ઉપરના હિસાબો નથી કરતા. આ પ્રત્યક્ષ દેવ છે. રેવતી બળદેવજી પ્રત્યક્ષ દેવ છે, નરનારાયણદેવ પ્રત્યક્ષ દેવ છે. લક્ષ્મીનારાયણદેવ પ્રત્યક્ષ દેવ છે. એનો હિસાબ ઉપર નથી થવાનો, એનો હિસાબ અહીંયા થશે. અને ખુમારી છે કે આવા દેવના આશ્રયમાં આપણે છીએ.** આપણે અતિ ભાગ્યશાળી છીએ.

ધન્યવાદ છે જે લોકોએ આવુ સરસ આયોજન કર્યું. લાલજી મહારાજશ્રીએ કહ્યું અમે તો બીઝી હતા એટલે બહુ નહોતા જતા. મને પણ લાલજી મહારાજશ્રીએ કહેલું, ભેગા ચાલો જોવા પણ મેં કહ્યું, સંતોએ ભેગા મળીને કરી દીધું છે. આયોજન થઈ ગયું છે પછી આપણે ક્યાં ? તો પણ પ્રસંગ પહેલા ૩-૪ વખત આવ્યો હતો. આજે આતમ સ્વામીએ પણ સરસ વાત કરી. ક્યાંય કોઈ કંઈ રહી ગયું હોય, આવડો મોટો પ્રસંગ હોય, થાય નાનું-મોટું કંઈક પણ એ પોતાના જાણ્યા હોય એટલે ઓછું ન આવે.

આપણે બહુ ધ્યાન એ રાખવું કે કોઈને કુણીઓ જાણી જોઈને ખીજાઈને ન મારી દેવી ક્યાંય. લાલજી મહારાજ શ્રી જોડે આવતા હતા અને એક સ્વયં સેવક હતો. સ્વયં સેવકો તો ભઈ સાબ ! ઠોહા એના ખાઈએ છીએ એટલા ખાધા નથી કોઈના.






જેટલી લાકડીઓ હતી, મેં જ બંધ કરાવી છે લાકડીઓ, અમને જ પડતી થી લાકડીઓ. કેમ કે ખસો ખસો ખસો કરીને બીજી બાજું ઘોદો આપણને લાગે. એક બે બહેન અહીંયા વડીલ હતા, લગભગ ૭૦-૭૫ વર્ષના, એ બેઠા હતા અને જે રીતે ઉભા કર્યા છે. લાલજી મહારાજશ્રીને મેં કીધું, મારા તો રૂંવાડા ઉભા થઈ ગયા. Seriously, એ સીન ભૂલાતો નથી. બહેન જે હોય એ મને ખબર નથી પણ માફ કરે. હકીકતની અંદર સ્વયં સેવકોની જરૂર જ નથી. **આપણે સ્વયં સેવકો જ છીએ. દરેક હરિભક્તોને કેવી રીતે ઉભા રહેવું, શું કરવું, હરિભક્તોને કંઈ શીખવાડવાની જરૂર નથી પડતી.** મેં ઘણી વખત કીધું છે. ખાલી રસોડાની અંદર કે અમુક જગ્યાએ જરૂર હોય છે. અમારી પાછળ પાછળ શું કરવાનું છે ? કો'ક બાઉન્સરો લઈને આવશે તો મારશે, અમને આવડે છે શું કરવાનું ? પણ **હકીકતની અંદર જ્યાં હડધૂત હડધૂત થાય છે એમાં હરિભક્તોનું અપમાન થાય છે. આઘા ખસો. પાછા ખસો... એ ન કરવું જોઈએ.** આવતી વખતે એની ખાસ મિટિંગ કરવાની છે. Verified (ચકાસણી કરેલા) સ્વયં સેવકો હોય એને જ રાખવાના છે કેમ કે ઘણી વખતે અવ્યવસ્થાની વ્યવસ્થા થાય છે. આ પ્રસંગ પૂરતું નથી, જનરલ વાત કરું છું. કાલુપુર મંદિરમાં કીધું છે, બીજા મંદિરોમાં કીધું છે. ગામડાઓમાં કીધું છે. મારે જ કો'ક ને મળવું હોય તો મળવા નથી દેતા બોલો ! કેટલા હરિભક્તો ને મેં કીધું ભઈ સાબ આવતા કેમ નથી ? તો કહે આવવા નથી દેતા. મેં કીધું કેમ ? કોણ ? ફોન કરો લાવો. પણ હકીકતની અંદર હવે પછી નક્કી કર્યું છે. **ઘોળકાની અંદર સ્વયં સેવકો નહી, માત્ર સેવકો જ રાખવા છે. ડિસ્ટર્બ કરે એવા સ્વયંસેવકો નથી રાખવા. એની સ્પેશીયલ ટ્રેનીંગ થશે.** લાલજી મહારાજશ્રીએ કરવાની છે. મારી જરૂર પડે તો કહેજો, આવીશ. એટલે જરૂર પડે તો હું બેસીશ. આમંત્રણ આપજો. કેમ કે અધ્યક્ષ એ છે **"ત્યોહાર"** ના પછી એમને જેટલી જવાબદારી હોય અને ગર્વ છે આજે ત્રણ પેઢી બેઠી છે.

અને આ તો **મોટા બાપજીને સારું લગાડવા નથી કહેતો પણ એમના પાસેથી જેટલું મળેલું છે એ અદ્‌ભુત છે.** એ એક વસ્તુ કદાચ ૧૦ વખત કીધી હશે. અમૂક વસ્તુ નીકળી જાય પણ ખેંચીને અંદર મૂકી દેવાની, તાળું મારી દેવાનું ગોલ્ડન ચેસ્ટમાં રહે, આપણી નાભિમાં રહે. મેં કીધું ને કર્તા હર્તા ભગવાન છે, વધે ઘટે.... **એવી જ રીતે અમ્મા એટલે માતુશ્રી મોટા માતુશ્રી અમ્મા છે. એમની પાસેથી જે વિઝડમ (શાણપણ-જ્ઞાન) મળ્યું છે, અમૂક વસ્તુ નથી જતી.** અમૂક વસ્તુ જે અત્યારે મળે છે એને પ્રાપ્ત કરવાની જરૂર છે. બસ લેવાની જરૂર છે, માણવાની જરૂર છે. **આ સત્સંગ મળ્યો છે એ માણવાનો છે.** આમ ટીક થયું ને, પાછું ટીક લાવી આપજો મને. **એક સેકન્ડ નો કાંટો ફરે છે ને, આમ ટીક થયું પછી પાછો નહી આવે. ટાઈમ બગાડશો નહી. સમયનું યોગદાન બહુ મોટું છે.** પૈસા તો આજે છે ને કાલે નથી. ભાગ દોડ કરી કરીને મરી જશે માણસ, છેલ્લે તો ચાર નાળિયેર લટકવાના છે. ઉપાડવા વાળા કો'ક મળે તો સારું છે, હું હોવ કે તમે. હકીકત એ છે કે **જે જીવ્યો છે એ મોટી વાત છે. જીવી શકે છે ! આ ઘડી માણી શકે છે એ મોટી વાત છે.**

આ સત્સંગમાં જેટલું સુખ ને સમૃદ્ધિ છે એ જગતમાં ક્યાંય નથી. મને તો હું અનુભવથી કહું છું અને આપણે નરનારાયણદેવની છત્રછાયા નીચે જે ખુમારી છે એ હંમેશા રહેશે. જે દેવ મળ્યા છે, જે સંતો, હરિભક્તો, જે ભાઈઓ-બહેનો, દીકરા, દીકરીઓનો આ જે માહોલ મળ્યો છે, આપણને જે પ્રાપ્તિ થઈ છે એનાથી ગર્વાન્વિત રહીએ. બળદેવજી દાદાના પ્રાંગણમાં આવો સરસ ઉત્વસ થયો. દૂર દેશથી આવીને તમે બધાએ ખૂબ યોગદાન આપ્યું. અભિનંદન, ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)


વક્તાશ્રીઓ
સંતોના આશીર્વચન







અમદાવાદ મંદિરના પ્રસાદીના ચોકમાં ફૂલદોલોત્સવ દર્શન









કાલુપુર મંદિરમાં શ્રીરામનવમી અને શ્રીહરિ નો ૨૪૫ મો પ્રાકટ્યોત્સવ







શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ૧૫ મો સ્થાપના દિન પ્રસંગે ઠાકોરજીનું પૂજન કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી અને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ભક્તિસુધા

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "જીવનમાં શુધ્ધ રહેવાનો પ્રયત્ન કરવો"

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણે વારંવાર અહિંયા શેના માટે ભેગા થઈએ છીએ? ભગવાનનું સંસ્મરણ આપને કાયમ રહે અને ભગવાનની પ્રાપ્તિ થાય એના માટે આ સાધના કરીએ છીએ. આપણે કોઈપણ સાધના કરીએ તો એમાં અમુક શરત હોય છે તેનું પાલન કરીએ તો જ તે સાધના સિધ્ધ થાય છે. એવી રીતે આપણે સૌ ભેગા મળીને ભગવાન પ્રાપ્તિ માટે સાધના કરીએ છીએ, તેના માટે સૌથી મોટી શરત છે. **અંતઃકરણ શુધ્ધ હોવું જોઈએ.** અંતઃકરણ શુધ્ધ કેવી રીતે થાય? એના માટે સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. **કથા શ્રવણ** અને બીજું છે, સત્શાસ્ત્રોનું વાંચન. **સત્શાસ્ત્રોમાં ભગવાનનો વાસ હોય છે.** શાસ્ત્રમાં જે ભગવાનની આજ્ઞા રહેલી છે તે બે રૂપે હોય છે. **'વિધિ-નિષેધ'** શાસ્ત્ર વાંચીને તેને સિધ્ધ કરવા માટે બે નિયમ મુખ્યત્વે પાળવાના હોય છે. શાસ્ત્રમાં અમુક **'વિધિ'** બતાવી હોય છે. વાંચીને એના આદેશ પ્રમાણે અનુસરવાનું હોય છે. અને બીજું એ કે કઈ વસ્તુ ના કરવી એના માટે **'નિષેધ'** રૂપે સમજાવ્યું હોય છે. તે આપણી આધ્યાત્મિક પ્રગતિમાં અવરોધરૂપ હોય છે. જીવનમાં શું અપનાવવું અને શું છોડવું એ બધુ કથાશ્રવણથી અને શાસ્ત્ર વાંચનથી ખબર પડે છે. આધ્યાત્મિક પ્રગતિમાં સૌથી મોટું અવરોધરૂપ શું છે? **'અહંકાર'** ઘણાને એવું હોય છે કે 'હું શુધ્ધ જ છું.' 'હું જે કાંઈ કરું છું તે બધુ બરાબર જ છે.' 'મારાથી કાંઈ ખોટું થતું જ નથી.' પણ વાસ્તવિકતામાં એવું હોતુ નથી. ભગવાન પ્રાપ્તિ માટે તન, મન, ધન ત્રણેયની શુધ્ધિ જરૂરી છે. **મનની શુધ્ધિ કથા શ્રવણથી થાય છે.** તનની શુધ્ધિ પણ જરૂરી છે. એના માટે પવિત્ર નદીમાં સ્નાન કરવાનું, જીવનમાં પવિત્રતા હોવી જોઈએ. અને ત્રીજું છે, ધનની શુધ્ધિ. ધનની શુધ્ધિ કેવી રીતે થાય? 'દાન' કરો સત્કાર્યો કરો એનાથી ધનની શુધ્ધિ થાય છે. અને 'લોભ' નામનો કષાય જે તમારી અંદર છે. એ પણ 'દાન' કરવાથી ઓછો થાય છે. **તન, મન અને ધનની શુધ્ધિ જીવનમાં હશે, શાસ્ત્રોનું વાંચન શ્રવણ હશે તો જ ભગવાનની સંપૂર્ણ સાકાર મૂર્તિ આપણા અંતઃકરણમાં પ્રતિષ્ઠિત થશે અને ભગવાન સિવાય બીજું કાંઈ મહત્વનું નથી એવો મનમાં ભાવ આવે છે. ધીમે ધીમે એવો સમય આવે છે કે ભગવાન સિવાય બીજુ કાંઈ ગમતું નથી.** મોટા મોટા મહાત્માઓ હતા એ બધાને એટલું બધુ જ્ઞાન હતું કે વિધિ-નિષેધ બધું પી ગયા હતા. અર્થાત્ બધું જ જ્ઞાન હતુ તો પણ એનો અહંકાર ન આવી જાય તેના માટે **કથા શ્રવણ માટે કાયમ તત્પર રહેતા.** શુકદેવજીએ રાજા પરિક્ષિતને કથા સંભળાવી, શેના માટે ? કલ્યાણ માટે, પણ પરિક્ષિત જે પરમભક્ત હતા, જેનું આખું કુટુંબ પરમભક્ત, જેમને માતાના ગર્ભમાં ભગવાનના દર્શન થયા હતા. **એવા રાજા પરિક્ષિતના કલ્યાણમાં શું સંદેહ હોય ?** એમની સદ્ગતિ તો નિશ્ચિત હતી તેમ છતાં આપણને શીખવાડવા માટે આપણને જ્ઞાન આપવા માટે ભગવાને શુકદેવજી અને રાજા પરિક્ષિતને નિમિત્ત બનાવ્યા. અને આપણા જેવા સંસારીને કથા સંભળાવી. અત્યારે કળિયુગ ચાલે છે. યુગ યુગનું કામ કરે જ છે. જેનો યુગ ચાલતો હોય તેનું શાસન હોય, પણ **આપણે નરનારાયણદેવના ચરણમાં છીએ એટલે કળિયુગ આપણી બુધ્ધિ ખરાબ રીતે બગાડી શકતો નથી.** આપણા જીવનમાં જે થાય છે એ ભગવાનની મરજીથી થાય છે. એની પાછળ કોઈક હેતુ હોય છે. પૂર્વ કર્મ હોય છે એ પ્રમાણે 'પ્રારબ્ધ' ભોગવવું જ પડે છે. અચાનક જીવનમાં કાંઈક ઘટના ઘટે છે એ એક નિમિત્ત હોય છે. આપણા પ્રારબ્ધને ભોગવવા માટેનું. મહાભારતનું યુદ્ધ થયું એના પછી ગાંધારીએ શ્રીકૃષ્ણ ભગવાનને પ્રશ્ન કર્યો હતો કે : "આપ તો અંતર્યામી છો જો આપે ધાર્યુ હોત તો આ યુધ્ધ ના થયુ હોત અને યુધ્ધમાં મારા સો પુત્ર મરાયા ના હોત તો આપે આવુ કેમ કર્યુ? યુધ્ધ કેમ થવા દીધું." તો શ્રીકૃષ્ણ ભગવાને ગાંધારીને જવાબમાં કીધુ કે : "તમે મને યુધ્ધનું કારણ માનો છો પણ હકીકતમાં એવું નથી. યુધ્ધનું બીજ તો બહુ પહેલાથી રોપાઈ ગયુ હતુ. જ્યારે હસ્તિનાપુરમાં ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનના શાસનમાં 'અધર્મ', 'અન્યાય', 'અનીતિ' બધુ ચાલતુ હતું. ત્યારથી બીજ રોપાવાની શરૂઆત થઈ ગઈ હતી. સૌથી વધારે અધર્મનું કામ તો ત્યારે થયું જ્યારે દ્રૌપદીનું ભરસભામાં 'ચીરહરણ' થયુ ત્યારે પણ કોઈએ વિરોધ ના કર્યો બધા ચૂપચાપ બેસીને જોઈ રહ્યા એ અન્યાયના વિરોધમાં અવાજ ઉઠ્યો નહિ. ત્યારે તમે પણ હતા તમારી આંખે પાટા હતા, તમને આંખથી દેખાતું નહોતુ. પણ મન અને વિવેકમાં પાટા નહોતા, તેમ છતાં પુત્ર મોહમાં આવીને સ્ત્રી થઈને તમે વિરોધ ના કર્યો. **અન્યાયને ચૂપચાપ બેસીને જોઈ રહેવાથી પણ માણસ પાપના ભાગીદાર ગણાય છે અધર્મી કહેવાય છે.** બીજ રોપાય અને પોષણ મળે પછી પલ્લવિત થાય એટલે જે ફળ આવે તેને ભોગવવું જ પડે છે. બીજ રોપાયુ હતુ એના કારણે જે 'ફસલ' આવ્યુ તેને કાપવામાં મેં મદદ કરી છે. **સૃષ્ટિમાં અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરવુ તે મારી ફરજ છે. અધર્મનો નાશ કરવા માટે યુધ્ધ અનિવાર્ય હતું.** કોઈપણ વ્યક્તિ સત્તાના મદમાં આવી જઈ અહંકારથી અજાણતા શું વાવી રહ્યા છે, તે જાણતા નથી પણ એના ફળ ભોગવવા પડે છે. યુધ્ધમાં પાંડવોને જીતાડવા માટે મેં જે છળ (કપટ) કર્યુ એનું ફળ મારે પણ ભોગવવુ પડશે. ખરાબ કર્મોનું ફળ બધાએ ભોગવવું

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

અભિષેક મહાપૂજા

માર્ચ-૨૦૨૬

તા. ૦૧-૦૩-૨૦૨૬	પ.ભ.શ્રી રોહન ભગવાનભાઈ પટેલ - સીતાપુરવાળા- હા. ઓસ્ટ્રેલીયા - હ. ભગવાનભાઈ બળદેવભાઈ પટેલ - રાણીપ
તા. ૧૪-૦૩-૨૦૨૬	પ.ભ.શ્રી કૃણાલ સુરેશભાઈ પટેલ - કરજીસણવાળા - હ. આરતીબે પટેલ - કેનેડા
તા. ૧૫-૦૩-૨૦૨૬	પ.ભ.શ્રી રશ્મિબેન મનજીભાઈ હિરાણી - યુ.કે.
તા. ૧૫-૦૩-૨૦૨૬	(સાંજે) પ.ભ.શ્રી ધ્રુવિન નટવરલાલ પટેલ - હિરાવાડી - યુ.એસ.એ.
તા. ૨૨-૦૩-૨૦૨૬	પ.ભ.શ્રી કમલભાઈ રોહિતભાઈ પટેલ - લેસ્ટર - યુ.કે.

૧૫ મા સ્થાપનાદિનના મુખ્ય યજમાનશ્રીઓ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ શ્રી નરનારાયણદેવના અભિષેકના મુખ્ય યજમાનશ્રી : ધર્મકુળના કૃપાપાત્ર અ.નિ. પ.ભ. હંસાબેન જયંતીલાલ શાહના સ્મરણાર્થે - હ. પ.ભ. મંથન રાજીવ શાહ, અ.સૌ. નિરાલી મંથન શાહ - ફુલ મંડળી.

શ્રીધર્મકુળ તથા સંત પૂજનના યજમાનશ્રીઓ : ● પ.ભ. ડાહ્યાભાઈ નારણદાસ પટેલ, શ્રીમતી વિમળાબેન ડાહ્યાભાઈ પટેલ, શ્રી મેહુલ ડાહ્યાભાઈ પટેલ, શ્રીમતી બિંદી મેહુલ પટેલ, શ્રી પૂરવ ડાહ્યાભાઈ પટેલ, શ્રીમતી સ્તુતિ પૂરવ પટેલ, ચિ. મિલાના, અમોરા (માણસાવાળા) ● પ.ભ. કમલેશભાઈ એચ. શાહ (લખતરીયા-અમદાવાદ) ● પ.ભ.અ.નિ. રસિકલાલ અંબાલાલ પટેલ, ગં.સ્વ. કાંતાબેન રસિકલાલ પટેલ, પ.ભ. જયેશભાઈ રસિકલાલ પટેલ, પ.ભ. સંજયભાઈ રસિકલાલ પટેલ સમસ્ત પરિવાર (મોખાસણ હાલ અમેરિકા)



સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં
મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in ●
email: swaminarayanmuseum@gmail.com

જ પડે છે. **હું પાંડવોની સાથે એટલા માટે નથી કે પાંડવો મારા મિત્ર છે. પાંડવોની સાથે એટલે છું કે પાંડવો ધર્મના પક્ષે છે. ધર્મ સાથે મારે રહેવુ પડે.”** જીવનમાં સુખ આવે તો હરખાઈ પણ નહિ જવાનું અને દુઃખ આવે તો દુઃખી પણ નહિ થવાનું. **કાયમી કાંઈ નથી.** સુખ અને દુઃખ મહેમાન જેવા છે. આપણા ઘેર મહેમાન આવે છે તો કાયમ માટે રોકાય છે ??? કાયમી નથી હોતા મહેમાન થોડા સમય માટે આવે છે. મહેમાન બે જાતના હોય છે. ગમતા મહેમાન અને અણગમતા મહેમાન. ગમતા મહેમાન આવે તો આપણે આગ્રહ કરીએ છીએ કે રોકાઈ જાવ ને શું ઉતાવળ છે. ગમતા મહેમાન હોય તો મજા આવે છે. ના ગમતા મહેમાન આવે તો મનમાં એમ થાય છે કે ક્યારે જશે. પણ એ તો જેટલું નક્કી કરીને આવ્યા છે એટલું રોકાશે જ. જીવનમાં સુખ-દુઃખ પણ ગમતા અને ન ગમતા મહેમાન જેવા છે. સુખ છે એ ગમતા મહેમાન જેવુ છે. સુખ રોકાઈ જાય તો સારુ એવું લાગે છે. દુઃખ ના ગમતા મહેમાન જેવું છે. ક્યારે જશે એવું થાય છે. **પણ દુઃખ અને સુખ બન્ને આપણા પ્રારબ્ધમાં હશે ત્યાં સુધી રહેશે જ. ‘સમભાવ’ રાખીને બન્ને પરિસ્થિતિમાં રહેવાનું છે. ‘સમભાવ’ એટલે સુખ ઉપર ‘રાગ’ (ગમો) નહિ અને દુઃખ ઉપર ‘દ્વેષ’ (અણગમો) નહિ એમ રહેતા આવડી જાય તેને સમભાવમાં રહ્યા એમ કહેવાય.** આપણને તો એવા ભગવાન મળ્યા છે કે જે સ્ત્રી રૂપ ધરીને પોતાના સ્ત્રીભક્તના આંખમાં ટીપા નાખીને એમના પુરુષને નહિ અડવાનું એવા વ્રતનું ખંડન નથી થવા દીધું, રસોડામાં જઈને રસોઈ પણ કરે છે. પોક મુકીને રડ્યા પણ છે. કેવી કેવી લીલા કરી છે. ભગવાનનો વાસ ‘શુધ્ધતામાં’ હોય છે. મનને આળસ આવી જાય તો પરાણે મનને ખેંચીને લાવવાનું મન સાથે કઠોર બનવાનું, મનને બધુ જોઈએ એ આપી નહિ દેવાનું. પાણીને ઉપર ચડાવવું હોય તો મહેનત પડે છે, નીચે વહેવડાવવા માટે કાંઈ મહેનત પડતી નથી. એવી રીતે જીવનમાં ઉંચાઈ પર જવું હોય તો બહુ મહેનત કરવી પડે. ભગવાન તમને બધાને ખૂબ બળ આપે કે તમે બધા જીવનમાં તન, મન, ધનની શુધ્ધિ રાખી ઉંચાઈ સુધી પહોંચી શકો.

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિકમાસ પ્રથમ જેઠ માસ (પુરૂષોત્તમમાસ)ની ભવ્ય ઉજવણી

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રીજી મહારાજે સ્વયં બાથમાં લઈ પધરાવેલ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં સં. ૨૦૮૨ના પવિત્ર અધિક જેઠ માસ (પુરૂષોત્તમ માસ)માં આવતા આખા માસના ઉત્સવો તિથિ પ્રમાણે ભવ્યતાથી ઉજવવાનું શુભ આયોજન કર્યું છે. આ પ્રસંગે રોજના વાર્ષિક વ્રત ઉત્સવ પ્રસંગોના દર્શનનો લાભ લેવા અમારુ સૌ સત્સંગ સમાજ સમસ્તને રૂડું આમંત્રણ છે.

તિથિ	તારીખ	ઉત્સવ	સમય	રકમ
જેઠ સુદ-૧ રવિવાર	૧૭-૫-૨૦૨૬	ગ્વાલબાલ દર્શન	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ સુદ-૨ સોમવાર	૧૮-૫-૨૦૨૬	રથયાત્રા	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ સુદ-૩ મંગળવાર	૧૯-૫-૨૦૨૬	શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ	૬-૩૦ સવારે અભિષેક	-
જેઠ સુદ-૪ બુધવાર	૨૦-૫-૨૦૨૬	ગણેશ પૂજન	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ સુદ-૫ ગુરુવાર	૨૧-૫-૨૦૨૬	શિક્ષાપત્રી જયંતી-વસંત પંચમી	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ સુદ-૬/૭ શુક્રવાર	૨૨-૫-૨૦૨૬	શાકોત્સવ દર્શન	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ સુદ-૮ શનિવાર	૨૩-૫-૨૦૨૬	રાધાષ્ટમી	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ સુદ-૯ રવિવાર	૨૪-૫-૨૦૨૬	બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજનો પાટોત્સવ	૬-૩૦ સવારે અભિષેક	૫૧૦૦૦/-
		રામનવમી, શ્રીહરિ જયંતિ	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ સુદ-૧૦ સોમવાર	૨૫-૫-૨૦૨૬	દશેરા (પૂજન)	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ સુદ-૧૧ મંગળવાર	૨૬-૫-૨૦૨૬	જળઝીલણી, હાટડી	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ સુદ-૧૨ બુધવાર	૨૭-૫-૨૦૨૬	રંગમહોલ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ	૬-૩૦ સવારે અભિષેક	૫૧૦૦૦/-
		વામન જયંતી,	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ સુદ-૧૩ ગુરુવાર	૨૮-૫-૨૦૨૬	મનોરથ	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ સુદ-૧૪ શુક્રવાર	૨૯-૫-૨૦૨૬	નૃસિંહ જયંતી	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ સુદ-૧૫ શનિવાર	૩૦-૫-૨૦૨૬	કેશર સ્નાન	૬-૩૦ સવારે	-
જેઠ વદ-૧ રવિ	૩૧-૫-૨૦૨૬	પુષ્પદોલોત્સવ નરનારાયણદેવ જયંતી	૮-૦૫ સવારે	૨૧૦૦૦/-
જેઠ વદ-૨ સોમવાર	૧-૬-૨૦૨૬	હિંડોળા સુકોમેવો	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ વદ-૩ મંગળવાર	૨-૬-૨૦૨૬	હિંડોળા આમ્રકુંજ	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ વદ-૪ બુધવાર	૩-૬-૨૦૨૬	હિંડોળા ગીરી કંદરા	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ વદ-૫ ગુરુવાર	૪-૬-૨૦૨૬	હિંડોળા સાવન ભાદો	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ વદ-૬ શુક્રવાર	૫-૬-૨૦૨૬	હિંડોળા ફૂટ	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ વદ-૭ શનિવાર	૬-૬-૨૦૨૬	કુંજગલી	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ વદ-૮ રવિવાર	૭-૬-૨૦૨૬	જન્માષ્ટમી	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ વદ-૯ સોમવાર	૮-૬-૨૦૨૬	નંદ મહોત્સવ	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ વદ-૧૦ મંગળવાર	૯-૬-૨૦૨૬	હિમાલય દર્શન	૮-૦૫ સવારે	૨૧૦૦૦/-
જેઠ વદ-૧૧ બુધવાર	૧૦-૬-૨૦૨૬	હિમાલય દર્શન	૮-૦૫ સવાર	૨૧૦૦૦/-
જેઠ વદ-૧૨ ગુરુવાર	૧૧-૬-૨૦૨૬	વનવિચરણ	૮-૦૫ સવારે	૨૧૦૦૦/-
જેઠ વદ-૧૩ શુક્રવાર	૧૨-૬-૨૦૨૬	લક્ષ્મીપૂજન, ધનતેરસ	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ વદ-૧૪ શનિવાર	૧૩-૬-૨૦૨૬	શ્રી હનુમાનજીનું પૂજન	૮-૦૫ સવારે	૧૧૦૦૦/-
જેઠ વદ-૩૦ રવિવાર	૧૪-૬-૨૦૨૬	અન્નકૂટ ગોવર્ધન પૂજા	૭-૩૦ સવારે	૧૧૦૦૦/-
		શ્રી નરનારાયણદેવ	૯-૦૦ સવારે	૬૧૦૦૦/-
		શ્રી રાધાકૃષ્ણદેવ	૯-૦૦ સવારે	૫૧૦૦૦/-
		શ્રીધર્મદેવ ભક્તિમાતા હરિકૃષ્ણમહારાજ	૯-૦૦ સવારે	૫૧૦૦૦/-

સુજ્ઞ વ્હાલા પ્રેમી હરિભક્તો આ પવિત્ર અધિક પુરૂષોત્તમ માસ દર ત્રણ વર્ષે આવે છે. તેથી આ પ્રસંગના યજમાન બનવાનું સૌ કોઈને મન થાય અને તે માટે આપ વહેલાસર કોઠારમાં પોતાનું યજમાનપદ નોંધાવી અને નામ સરનામું વગેરે લખાવી જવું અને આ ઉત્સવ પ્રસંગમાં વિવિધ સેવાનો લાભ લેવા માટે પણ નામ લખાવવું.

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧

લી. મહંત સ્વામી : શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી

ચંપકભાઈ : 80002 96429 ● હાર્દિક : 77790 52048


Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree SwaminarayanTemple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001.
Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
Editor : Shastri Swami Purushottamprakashdasji











Registered under RNI is - GUJ GUJ/2007/20221 "Permitted to post at Ahd. Unaccountable L1 i/o. on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO's License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026



મહામહિમ રાજ્યપાલશ્રીનું સન્માન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનું સન્માન કરતા ધર્મકુળ




ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ પંચાલ (વિશ્વકર્મા)નું સન્માન કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી





ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને પ્રદિપસિંહ જાડેજાનું સન્માન









રાજકીય મહાનુભાવોનું ધર્મકુળના હસ્તે સન્માન